
# શત્રુંજય-રાણકપુર-દેલવાડા



આ તિર્થોના જીર્ણોદ્ધાર કરાવનાર

તિર્થોદ્ધારક


## શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ



વિમળવસહીના

દેલવાડાના ઘૂમટની આકૃતિ

# શત્રુંજય-રાણકપુર-દેલવાડા



શ્રી અમૃતલાલ મૂળશંકર ત્રિવેદી

# આભાર

શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના સ્થપતિ શ્રી અમૃતલાલ મૂળશંકર ત્રિવેદીએ શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ પ્રત્યેના આદરથી પ્રેરાઈને શ્રી શત્રુંજય, શ્રી રાણકપુર તથા શ્રી દેલવાડાના તિર્થના જીર્ણોદ્ધારોનું આહ્‌લાદકારી દર્શન કરાવતો પરિચય આ અમૃત મહોત્સવ પ્રસંગે લખી આપ્યો છે તે માટે અમે તેમના આભારી છીએ.

**શેઠ કસ્તુરભાઈ લાલભાઈ**
અમૃત મહોત્સવ સમિતિ

# શત્રુંજય

યુગાદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભદેવજીના પુનિત ચરણોથી પાવન થયેલા શ્વેતામ્બર જૈનોના સર્વશ્રેષ્ઠ તીર્થ શત્રુંજયનો મહિમા ઘણો મોટો છે. પ્રત્યેક જૈનને માટે શત્રુંજયની યાત્રા જીવનનો એક અણમોલ લહાવો છે. દેવો, યક્ષો અને સિદ્ધોએ સેવેલી એ ભૂમિ અત્યારે પણ દેવતાઓના નિવાસસ્થાન જેવી રમણીય અને આહ્‌લાદક લાગે છે. શત્રુંજય ઉપર ગયા પછી ચિત્ત પ્રસન્નતાથી ભરાઈ જાય છે. જેણે એક વખત શત્રુંજયની યાત્રા કરી હોય તેને ફરી ફરી ત્યાં જવાની ઇચ્છા થાય તેવું આકર્ષણ એ ભૂમિમાં રહેલુ છે. આ કથન જૈન-જૈનેતર બધાને જ સરખી રીતે લાગુ પડે છે. ઘણા વિદેશીઓ પણ ફરી ફરી ત્યાં આવે છે અને દર વખતે અધિકાધિક પ્રસન્નતા અનુભવે છે. શત્રુંજયની સ્વર્ગીયતામાં મંદિરોની કલા અને સ્વચ્છતા પણ મોટો ભાગ ભજવે છે.

સેંકડો વર્ષો પછી પણ મંદિરો નિત્યનવીન લાગતાં હોય તો તેનું રહસ્ય સમયોચિત જીર્ણોદ્ધારમાં રહેલું છે. જેમ કાયાકલ્પથી વૃદ્ધ યુવાન બની જાય છે, તેમ જીર્ણોદ્ધારથી મંદિર ફરી યુવાની પ્રાપ્ત કરે છે અને તેનું સૌંદર્ય ખીલી ઊઠે છે. જીર્ણોદ્ધાર કેમ કરવો તેની પણ એક શાસ્ત્રીય પદ્ધતિ છે, એક કલા છે, એક દૃષ્ટિ છે, જે બહુ ઓછા માણસોને પ્રાપ્ત હોય છે. જો તે દૃષ્ટિ પ્રાપ્ત થઈ ન હોય તો ખોટા નિદાનથી જેમ રોગ વિકૃત થાય છે, તેવું જ જીર્ણોદ્ધારનું પણ બને છે. શેઠશ્રી કસ્તુરભાઈમાં આ દૃષ્ટિ પૂર્ણપણે વિકસી છે, તે રાણકપુર, આબુ, કુંભારીઆ અને તારંગાનાં જીર્ણોદ્ધારકામો જોવાથી સમજાય તેવું છે. આ બધા જીર્ણોદ્ધારો કરતાં પણ શત્રુંજય ઉપરના યુગાદિજિનના ઐતિહાસિક મંદિરના જીર્ણોદ્ધારની શરૂઆત કરવાનું કામ ઘણું

કઠણ હતું. કારણ સોળમી શતાબ્દી પછીના સમયમાં કેટલાંક ખોટાં નિદાનો કરવામાં આવ્યા હતાં, અને કેટલીક વિકૃતિઓ પ્રવેશી ચૂકી હતી,

અશ્વિની કુમારોએ ચ્યવન મુનિની વૃદ્ધાવસ્થા દૂર કરીને નવયૌવન બક્ષ્યું હતું, તેમ આ મંદિરને પણ નવયૌવન બક્ષવા માટે મંદિરનાં અંગોપાંગનો શુદ્ધ શાસ્ત્રીય રીતે જીર્ણોદ્ધાર કરવા માટે એક મોટી શસ્ત્રક્રિયા (ઓપરેશન) કરવાની જરૂર પડે તેમ હતુ. આ કાંઈ નાનુંસૂનું કામ નહોતું. સામાન્ય રીતે રૂઢિચુસ્ત સમાજ યથાવત્ સ્થિતિમાં જીવનારો હોય છે. ધર્મ અને શાસ્ત્ર બધું જ તેમની દૃષ્ટિએ યથાવત્તામાં સમાઈ જતું હોય છે. કટુ ઔષધ હિતકારી હોવા છતાં તેના પરિણામને નહિ સમજનાર બાળક તેને ગ્રહણ કરવાનો વિરોધ કરે છે અને પોતાની રુચિ મુજબના મિષ્ટ પદાર્થોની માગણી કરે છે. પરંતુ વૈદ્યે તો પોતાનો ધર્મ બજાવવાનો હોય છે, બાળકની ક્ષણિક પ્રસન્નતા ખાતર તેના સ્વાસ્થ્યને તે જોખમમાં મૂકી શકે નહિ. રૂઢિચુસ્ત સમાજ પણ ઘણી વખત બાળકની જેમ જ અપથ્યનો આગ્રહ રાખતો હોય છે અને શું હિતકારી છે અને શું નહિ, તે વિચારવા તૈયાર હોતો નથી, પરંતુ સામાજિક વૈદ્યોને (સેવકોને) પણ પોતાનો ધર્મ બજાવવાનો હોય છે. રોગીની રુચિ મુજબનો ઔષધપ્રયોગ કરતા વૈદ્યની જેમ જો તેઓ વર્તે તો પોતાનો ધર્મ ચૂકયા ગણાય. પરંતુ બહુ ઓછા સામાજિક કાર્યકર્તાઓ આવી સમજ, હિંમત અને દૃઢતા ધરાવતા હોય છે. શ્વેતામ્બર જૈન સમાજના સદ્‌ભાગ્યે આવા નેતા શેઠશ્રી કસ્તુરભાઈ તેને સાંપડયા છે, કે જે નિદાન કરતાં પહેલાં કાર્યના દરેક પાસાને વિવિધ દૃષ્ટિએ અનેક વાર તપાસે છે, તે તે વિષયના શ્રેષ્ઠ જાણકાર મનાતા મનુષ્યોની વારંવાર સલાહ લે છે અને જે કાંઈ કરવાનું છે તેની શકયતાની છાપ પોતાના મન ઉપર સ્પષ્ટરૂપે અંકિત થાય ત્યાર પછી જ નિર્ણય લે છે.

હિતકારી કટુ ઔષધ લેવામાં બાળક ગમે તેટલા ધમપછાડા કરે તોપણુ રોગીનું હિત સમજદાર વૈદ્ય જેમ પોતાના નિર્ણયમાં મક્કમ રહે છે તેમ શેઠશ્રી કસ્તુરભાઈ પણુ સામાજિક ધમપછાડાઓ પ્રત્યે તટસ્થ રહી પોતાના યોગ્ય નિર્ણયોને વળગી રહે છે અને સફળ થાય છે. શેઠશ્રી કસ્તુરભાઈની સફળતાનું રહસ્ય આ છે.

શત્રુંજય તીર્થના જીર્ણોદ્ધાર માટેનો શિલ્પીઓનો અહેવાલ જોયા પછી શેઠશ્રી કસ્તુરભાઈ અને શેઠ આણુંદજી કલ્યાણુજીના અન્ય પ્રતિનિધિઓએ શત્રુંજય તીર્થની યાત્રા કરી અને અહેવાલ મુજબની હકીકતો નજરે જોઇને તેની યથાર્થતાની ખાતરી કર્યા પછી તેની શકયતાઓનો વિચાર કરવા બેઠા ત્યારે કાર્યની યથાર્થ-તાને સમજવા છતાં ઘણા ટ્રસ્ટિઓ સમાજની રૂઢિચુસ્તતાનો ખ્યાલ કરીને શરૂ શરૂમાં કેવા પ્રત્યાઘાતો પડે તેની કલ્પના કરીને કાર્યની સફળતા વિષે શંકાશીલ બન્યા. ત્યારે જો બધા જ ટ્રસ્ટિ-ઓનું મન સ્પષ્ટપણે કાર્યની યથાર્થતાને-સ્વીકારતું હોય તો તેની યોગ્યતાની વધુ ખાતરી માટે ધર્મ અને શિલ્પશાસ્ત્રના જાણુકાર પૂ. આચાર્ય મહારાજોની સલાહ લઇને તેની યોગ્યાયોગ્યતાનો નિર્ણય લઇ શકાય તેમ છે તેવો અભિપ્રાય શેઠશ્રી કસ્તુરભાઈએ આપ્યો અને પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ વિજયોદયસૂરીશ્વરજીનો અભિપ્રાય મેળવવામાં આવ્યો, જે એવો હતો કે આવા મહાન તીર્થસ્વરૂપ પ્રાસાદનાં અંગઉપાંગો દબાયેલાં હોવાં જોઈએ નહિ, તે ખુલ્લાં હોવાં જોઇએ અને તે માટે જરૂરી ફેરફાર કરવા હોય તો વિધિવિધાન સાથે કરી શકાય છે. પૂજ્ય આચાર્ય મહા-રાજશ્રી નંદનસૂરીશ્વરજીની પણુ સલાહ લેવામાં આવી. તેઓશ્રીએ પણુ કાર્યની યોગ્યતા પિછાનીને તેમાં સંમતિ આપી. પરમ પૂજ્ય આચાર્ય મહારાજો પાસેથી મુહૂર્ત અને આજ્ઞા માગીને જૈન સમાજના શ્રેષ્ઠ વિધિકારો પાસે યોગ્ય વિધિવિધાન કરાવીને જીર્ણોદ્ધાર કામનું મુહૂર્ત અને તે માટે ફેરવવા પડતા પ્રતિમાઓના ઉત્થાપનનો વિધિ કરવામાં આવ્યો. આ બધાની પાછળ મંદિરનો

સાંગોપાંગ શાસ્ત્રીય પદ્ધતિએ ઉદ્ધાર કરી તેની કલા અને ભવ્યતા દ્વારા સમાજમાં ભક્તિભાવની વૃદ્ધિ કરી ધર્મનો પ્રભાવ-વિસ્તારવાની ભાવના માત્ર હતી; પરંતુ આ દવા કડવી નીકળી. અને સમાજના અમુક વર્ગે પ્રતિમાઓના ઉત્થાપન પછી જબરું આંદોલન જગાવ્યું અને ભારતભરમાં જબરો ઝંઝાવાત ફરી વળ્યો—અમૃત-મંથન કરતાં શરૂઆતમાં જ વિષ નીકળ્યું, તેને પચાવનાર શિવજીની જરૂર હતી. તે ન મળે તો અમૃતની આશા વ્યર્થ હતી. શેઠશ્રી કસ્તુરભાઈ તે વખતે વિદેશમાં હતા, પરંતુ શેઠશ્રી કેશવલાલ લલ્લુભાઈ અને અન્ય ટ્રસ્ટીઓએ સાથે મળી તે વિષ પચાવ્યું અને સમાજમાં શાન્તિ પ્રસરી. વિરોધ કરનારા સજ્જનો પૈકીના મોટા ભાગના અત્યારે એમ માને છે કે પોતે આવેશમાં આવીને જે કાંઈ કર્યું તે બરોબર નહોતું અને તેનો ખુલ્લો એકરાર પણ તેઓ કરે છે. શેઠશ્રી કસ્તુરભાઈના હિમ્મતભર્યા યોગ્ય નિર્ણયને તે અંજલિ સમાન છે. કાર્ય અને કાર્યનો હેતુ જો સાચો હોય તો વિરોધથી ભય પામવાનું રહેતું નથી, તે આપોઆપ શમી જાય છે; અને ઘણી વખત ભાવિ માટે તે મદદગાર પણ બને છે.

જ્યાં કરોડો મુનિઓએ મોક્ષરૂપી સિદ્ધિ પ્રાપ્ત કરીને જેને સિદ્ધાચલનું બિરુદ અપાવ્યું છે એવા આ શત્રુંજય પર્વતે શ્રી ઋષભદેવ ભગવાનનાં વિવિધ મંદિરોને પોતાના મસ્તક ઉપર ધારણ કર્યાં છે તેનો ઇતિહાસ પર્વત પોતે માનવ સ્વરૂપે કહે તો જ જાણી શકાય; તે સિવાય તો પૌરાણિક–ધાર્મિક ગ્રંથોનો આશ્રય લેવાનો જ રહે. તે મુજબ પહેલું રત્નમય મંદિર ચક્રવર્તી રાજા ભરતે બંધાવ્યું, પરંતુ કાળ અનંત છે અને પદાર્થો અનિત્ય છે તે કારણે પાંડવોના સમય સુધીમાં એક પછી એક એમ બાર વખત આ મંદિરનો કાયાકલ્પ વિવિધ વાસ્તુદ્રવ્યો વડે કરવામાં આવ્યો. પરંતુ સાંપ્રત ઇતિહાસ જેની નોંધ લઈ શકે તેવો ઉદ્ધાર સૌરાષ્ટ્રના મહુવા બંદરના જાવડશાએ ગુરુ વેરસ્વામીના ઉપદેશથી વિ. સં. ૧૦૮ માં કરાવ્યો. મહુવા આજે પણ ઇમારતી લાકડાના

વેપારનું ધીખતું પીઠું છે, અને જાવડશાના વખતમાં પણ હશે જ. ભરપૂર જંગલો અને તોતીંગ વૃક્ષોની જે જમાનામાં આ દેશમાં ભરમાર હતી ને જમાનામાં કાષ્ઠકારીગરી પોતાની ચરમ સીમાએ હોય અને તેથી કાષ્ઠનું મંદિર બનાવવા તરફ જ લક્ષ જાય તે સ્વાભાવિક છે. એટલે જાવડશાએ કાષ્ઠનું મંદિર બનાવરાવ્યું હોય તો તે સમયોચિત જ છે. તે મંદિરનો આમૂલ ઉદ્ધાર વિ. સં. ૧૨૧૩માં મહારાજા કુમારપાળના મંત્રી બાહડે કરાવ્યો, તે હિસાબે તે કાષ્ઠનું મંદિર ખૂબ લાંબા સમય સુધી એટલે ૧૧૦૦ વર્ષ સુધી ટકી રહ્યું. મંત્રી બાહડના પિતા મંત્રી ઉદયને શત્રુંજયના યાત્રા વખતે ઘીના દીવાની સળગતી દીવેટ ખેંચી જતા ઉંદરને મંદિરમાં જોયો અને તેમને ભય લાગ્યો કે આવું બનતું રહે તો કદાચ આગ લાગે, માટે આ જીર્ણ મંદિરને પાષાણથી બનાવવું જરૂરી છે. પરંતુ ત્યાર પછી બહુ અલ્પ સમયમાં તેઓને યમનું તેડું આવ્યું અને મંદિર પાષાણનું બનાવવાના પોતાના સંકલ્પનો સંદેશ પુત્ર બાહડને મોકલીને તેમણે સ્વર્ગની વાટ પકડી.

હાલના જીર્ણોદ્ધારને જેની સાથે સબંધ છે તે મંદિરનો ઈતિહાસ વાહડ મંત્રીથી આગળ જતો નથી. શેઠશ્રી કસ્તુરભાઈએ અપૂર્વ હિમ્મત બતાવીને અશાસ્ત્રીય રીતે બનેલી અને મંદિરના રૂપકામને ઢાંકી દેતી દેરીઓને હઠાવી ન હોત તો બાહડ-મંત્રીના બંધાવેલા મંદિરનો સહેજ પણ ભાગ આપણને જોવા મળત નહિ અને ઈતિહાસનું એક અણમોલ પૃષ્ઠ દંતકથા જ બની રહેત. બાહડ મંત્રીના બંધાવેલા આ મંદિરનું બહારનું જમીનતળ હાલના ચોકના જમીનતળ કરતાં પાંચ ફૂટ આઠ ઈંચિ નીચું છે. મંદિરનું પીઠ અને તેની નીચેના ભીટ હજુ જમીનની અંદર દટાયેલાં પડયાં છે. બાહડ મંત્રીએ પર્વત ઉપર જ ખાણો કરીને તે પથ્થર વડે મંદિર બનાવ્યું છે, જે ખાણોને પાછળથી ભીમકુંડ અને ઈશ્વરકુંડ જેવાં નામો આપવામાં આવ્યાં છે.

મુસ્લીમોના હુમલા પછી બાહડ મંત્રીએ બંધાવેલા મંદિરના બચેલા હિસ્સામાં પાંચ ફૂટ આઠ ઈંચ ઊંચું પીઠ અને ભરણીના થર સુધીનો તેર ફૂટ છ ઈંચ ઊંચો મંડોવર મળીને મૂળ જમીનના તળથી ૧૯–૨'' ઓગણીસ ફૂટ બે ઈંચ ઊંચાઇનું બાંધકામ હાલ મોજૂદ છે. તેની ઉપરનું બધું પાટણના સમરાશાહ, ચિતોડના કરમાશાહ અને ખંભાતના તેજપાળ સોનીએ જીર્ણોદ્ધાર કરેલું છે. તેમાં કોણે કર્યું અને કેટલું કરાવ્યું તે અત્યારે જુદું પાડવું મુશ્કેલ છે. સહુએ પોતપોતાના સમયમાં પોતાની સંપૂર્ણ શક્તિ લગાડીને આ કામ કર્યું છે એટલે આપણે તો એ સહુને સરખા જ યશભાગી ગણીએ.

બાહડ મંત્રીએ બાંધેલું આ મૂળમંદિર ભ્રમવાળું હોવાનો પૂરતો સંભવ છે. શિલ્પશાસ્ત્રનો નિયમ છે કે ભ્રમવાળા મંદિરને મંડપ પણ ભ્રમવાળો કરવો અને તે ભ્રમ થાંભલાઓ મૂકીને કરવો. તે મૂજબ આ મંદિરના મંડપને ભ્રમ કરલો છે એટલે પ્રાસાદ પણ ભ્રમવાળો હોવાનો પૂરતો સંભવ છે. જેમાં ભ્રમણ કરી શકાય તે ભ્રમ. મંદિરના વિધ્વંશ પછી તેની છચોકી અને નૃત્યમંડપ ફરી કરવામાં આવ્યાં નથી, એટલે હાલની સ્થિતિમાં તેની લંબાઈ ફૂટ ૧૦૬ અને પહોળાઈ ફૂટ ૮૦ છે અને તેની પીઠના તળથી કળશની ટોચ સુધીની ઊંચાઇ ૮૭ ફૂટ છે. જો છચોકી અને નૃત્યમંડપ ફરી કરવામાં આવ્યાં હોત તો મંદિરની એકંદર લંબાઈ ૧૪૫ ફૂટ હોત અને નૃત્યમંડપની ઉણપથી પડતી મુશ્કેલીઓથી ઊગરી શકાયું હોત. નૃત્યમંડપની જગ્યાએ લોખંડના થાંભલાઓ ખોડીને કરેલો છાંયો સોનાની થાળીમાં લોઢાની મેળ જેવો છે. શેઠશ્રી કસ્તુરભાઈની ચકોર દૃષ્ટિથી આ બહાર નથી, પરંતુ લાગે છે કે તેનો સમય હજુ પાકયો નથી.

મંદિરની જગામાં ૩–૦'' ફૂટ ઊંચી દિગ્દેવતાઓ અને વિદ્યાધરી દેવીઓ વગેરેની મૂર્તિઓ કાળા પથ્થરમાં કરેલી છે, જે

ઘણે અંશે સુંદરતામાં મોઢેરાના સૂર્યમંદિરની મૂર્તિકલાની સમકક્ષ છે. મુસ્લીમ હુમલા વખતે આમાં ઘણી તૂટફૂટ થયેલી છે અને ત્યાર પછી મંદિરની આજુબાજુ દેરીઓ કરી મોક્ષ મેળવવાની શ્રદ્ધાળુજનોની ભાવનાએ પણ આ મૂર્તિઓને સારુ એવું નુકસાન પહોંચાડયું છે. આ જીર્ણોદ્ધારમાં હવે મૂર્તિઓનાં ખંડિત અંગોનું યોગ્ય સમારકામ કરી તેમનો કાયાકલ્પ કરવામાં આવશે ત્યારે તેઓનું સૌંદર્ય કરી ખીલી ઊઠશે.

સૂર્યની આસપાસ ફરતા ગ્રહોની જેમ ભગવાન ઋષભદેવજીને કેન્દ્રમાં રાખી કેટલા બધા ઇંદ્રાદિક દેવો તેઓની આચપાસ પ્રદક્ષિણા ક્રમે ગોઠવાઈ રહેલા છે તે જોતાં મંદિર એ વિશ્વરચનાનું પ્રતિક છે કે શું, તેવી કલ્પના સ્ફુર્યા વિના રહેતી નથી. ગુજરાતના રાજાએ શિલ્પી હિરાધરને ડભોઇના કિલ્લાની દીવાલમાં ચણી લીધો હતો તેમ આ બધા ઇંદ્રિાદિ દેવતાઓને પણ મંદિરની દીવાલને લાગીને ફરતી દેરીઓ બંધાવનારાઓએ દેરીઓની દીવાલોમાં ચણી લીધા હતા ! તેમાંથી તેઓ હવે મુક્ત થયા છે તો પસન્ન પણ થશે જ. શિલ્પશાસ્ત્ર (શિલ્પરત્ન) માં કહ્યું છે કે : "द्वारभित्त्यंकृणादीनां गोपनं च विनाशकृत्"—ધ્વાર અને દીવાલો પર કરેલી કલાકૃતિઓને ઢાંકી દેવી તે વિનાશ કરનાર છે. માટે કલાકૃતિઓને ખુલ્લી રાખવી જોઈએ; જ્યારે આ તો દેવતાઓની મૂર્તિઓ છે.

આ દેરીઓ ફેરવવામાં આવે ત્યારે તેમાં બિરાજમાન તીર્થંકર ભગવાનની પ્રતિમાઓ માટે જુદી વ્યવસ્થા કરવી જોઈએ. તે માટે બાજુમાં જ આવેલી બેબા રાના નામે ઓળખાતી ખુલ્લી જગ્યામાં એક બાવન જિનાલય બાંધવાનું નક્કી કરવામાં આવ્યું, જેથી ઉત્થાપન કરેલ બધાં પ્રતિમાજીઓને ત્યાં વ્યવસ્થિત રીતે પ્રતિષ્ઠિત કરી શકાય. આ મંદિરનું શિલાસ્થાપન શેઠશ્રી કસ્તુરભાઈના શુભ હસ્તે કરવામાં આવ્યું. આ બાવન જિનાલયના પાયા ભરાઈ ગયા છે, યોગ્ય પાષણનો નિર્ણય લેવાઈ ગયો છે અને ટૂંક વખતમાં ચોમાસા

પછી પાણીની છત થયેથી કામ ધમધોકાર ચાલશે. આ મંદિર દશમી બારમી સદીની પ્રાચીન કારીગરીવાળું સુંદર બનાવવામાં આવશે.

આજથી દશ વર્ષ પહેલાં શત્રુંજય એ ફક્ત મંદિરોનું નગર હતું; આજે તે કલામય મંદિરોનું નગર છે અને પાંચ કલાત્મક સિંહદ્વારોથી હવે તે સુશોભિત છે. ચીંથરે વીંટેલા રત્નની ઉપરના ચીંથરાનું આવરણ હઠાવી લેવામાં આવે ત્યારે જેમ રત્ન ઝળહળી ઊઠે તેમ મંદિરોની ઉપરનાં પ્લાસ્ટરનાં પોપડાં અને અયોગ્ય ઉમેરાઓ રૂપી આવરણ હઠાવતાં મંદિરો રત્નની જેમ ઝળહળી ઊઠ્યાં છે. એ શક્ય છે કે રત્ન અને કાચની જેને પિછાન ન હોય તે તેની કિંમત કરી શકે નહિ. તેવું જ કલા બાબતમાં પણ છે રત્નના કે કલાના ઝવેરી બનવાનું કામ આકરો પરિશ્રમ અને નિષ્ઠા માગી લે છે, તે વિના તો હીરો અને કાચ સરખા જ લાગે.

કેટલાક લોકો એમ કહે છે કે અમને તો ધર્મમાં રસ છે, કલામાં નહિ. આ લોકો ધર્મ અને કલાને જુદાં પાડે છે, પરંતુ ધર્મ અને કલા તો અવિભાજ્ય છે; તેને જુદાં પાડી શકાય તેમ નથી. કલા ધર્મ જેટલી જ શાશ્વત છે. જ્યાં કલા નથી ત્યાં કાંઈ જ નથી, ત્યાં ફક્ત અવ્યવસ્થા, અંધેર અને વિનાશ જ રહેલાં છે. હા, કલાનું સ્વરૂપ અને તેના વિકાસનું પ્રમાણ ઓછું-વધુ હોઈ શકે, પરંતુ કલાવિહીન તો કાંઈ જ હોઈ શકે નહિ, જીવન જીવવાની, બોલવાની, વિચારવાની, મનના આવેગોને વશ રાખવાની અને ધનનો વ્યય કરવાની કે તેને મેળવવાની પણ કલા હોય છે. કલા વિના ભક્તિ સંભવિત નથી. ભક્ત કેટલી કાળજીથી પોતાના ઇષ્ટના મસ્તક ઉપર પુષ્પ ચડાવે છે, કંઠે પુષ્પહાર આરોપે છે અને ગોઠવે છે તે જોયા વિના, વિચાર્યા વિના ભક્તિ અને કલાના સામંજસ્યનો ખ્યાલ આવે નહિ, પોતાના ઇષ્ટ, પોતાના

પ્રભુ માટેની પ્રત્યેક વસ્તુ સુંદર હોય અતિસુંદર હોય તેવી ઉત્કટ ભાવના ભક્ત હૃદયમાં પ્રગટે એ ભક્તિ છે. સુંદરતા અને કલા તો એકરૂપ છે જ. સૌંદર્યનુ નિર્માણ એ જ કલા–પછી તે મનનું હોય કે બાહ્ય પદાર્થોનું હોય, માનવનિર્મિત હોય કે કુદરત-નિર્મિત હોય.

મંદિરોને કલાત્મક બનાવવામાં આવ્યાં છે તે કાંઈ ધનનું પ્રદર્શન નથી, તે તો ફક્ત હૃદયનો પોતાના ઇષ્ટ પ્રત્યેનો અર્ઘ્ય છે, ન્યોછાવરી છે, અર્પણ છે. એની કદર કરવા માટે પણ એવું જ હૃદય જોઈએ. મેલા અરીસામાં સ્પષ્ટ પ્રતિબિંબ પડતું નથી.

કોઈ પણ નગર, વસાહત, મહેલ કે મંદિરની શોભા તેના પ્રવેશદ્વારથી શરૂ થાય છે, પ્રથમ નજરે જ અહોભાવ ઉત્પન્ન થાય તેવું કલાત્મક આયોજન તેના મુખ્ય પ્રવેશદ્વારનું હોય તે રાજ-દરબાર કે દેવદરબાર માટે તેના યોગ્ય ગૌરવને પ્રતિષ્ઠિત કરનારું છે. આપણા પ્રાચીન ધાર્મિક ઇતિહાસગ્રંથો વાંચતાં કેવાં કલાત્મક સિંહદ્વારો મહેલો કે મંદિરોની આગળ બનાવવામાં આવતાં તેની કાંઈક ઝાંખી થાય છે. શત્રુંજય જેવા મહાન પ્રભાવિક તીર્થની મહત્તાને યોગ્ય સિંહદ્વારો તેની આગળ હોવાં જોઈએ. તે નહિ હોવાનો રંજ અનુભવી રહેલા શેઠશ્રી કસ્તુરભાઈએ રામપોળની બારીના નામે ઓળખાતા તદ્દન સાદા નાના બારણા જેવા શત્રુંજય નગરના પ્રથમ પ્રવેશદ્વારને સુધારીને ત્યાં ભવ્ય પ્રવેશદ્વારનું નિર્માણ કરવાનું વિચાર્યું અને તે માટે સ્થાનિક શિલ્પીઓ અને શ્રી ગ્રેગસન બેટલીના પ્લાનો પણ લેવામાં આવ્યા, પરંતુ તેથી શેઠશ્રી કસ્તુરભાઇના મનને સંતોષ થયો નહિ એટલે શિલ્પી અમૃતલાલ પાસેથી એક પછી એક, એમ ત્રણ નકશાઓ આ સિંહદ્વાર માટે બનાવરાવવામાં આવ્યા. વિ સં. ૨૦૦૭ થી ૨૦૦૯ સુધી ૩ વર્ષ આ સિંહદ્વાર કેવું કરવું તે માટેના વિવિધ નકશાઓનું નિર્માણ કરી તેના ઉપરથી

આખરી પસંદગી કરવામાં વ્યતીત થયાં અને છેવટે કિલ્લાને અનુરૂપ કલાત્મક હોવા છતાં જેમાં અતિશયતા ન લાગે તેવી શિલ્પી અમૃતલાલની સપ્રમાણુ રચનાને પસંદ કરવામાં આવી અને તે મુજબ હાલના રામપોળના સિંહદ્વારનું નિર્માણુ થયું. વિક્રમ સંવત ૨૦૧૦ માં જ્યારે રૂપીઓ હાલના જેટલો સસ્તો નહોતો તે વખતે એક દરવાજા જેવા કામમાં રૂપીઆ પચાસ હજારથી વધુ રકમ ખર્ચ કરવામાં પેઢીના ટ્રસ્ટીઓ ખચકતા હતા, ત્યારે તીર્થની ભવ્યતાને સાકાર કરવાનું સ્વપ્ન જેમને સતાવતું હતું તેવા શેઠશ્રી કસ્તુરભાઈએ સિંહદ્વારની યોજના પડતી મૂકીને પોતાના સ્વપ્નને વિલાઈ જવા દેવાનું યોગ્ય ન માન્યું. તેઓશ્રીએ મીટીંગમાં જ ટ્રસ્ટીઓને સમજાવ્યું કે આ નકશા મુજબનું પ્રવેશ-દ્વાર થાય તે તીર્થની મહત્તાને યોગ્ય છે, પરંતુ તે માટે આટલાં નાણાં ખર્ચવામાં સંકોચ થતો હોય તો આ સિંહદ્વારનું બધું જ ખર્ચ હું આપીશ. માટે નિઃસંકોચ મંજૂર કરો. અને એ રીતે રામપોળનું સિંહદ્વાર બનાવવાની યોજનાને શેઠ આણંદજી કલ્યાણજીએ વિ.સં. ૨૦૧૦ માં મંજૂરી આપી. રાજસ્થાનના જોધપુર જિલ્લાના તિવરી ગામના ઝીણા પોગરના ગુલાબી પથ્થરથી વિ.સં. ૨૦૧૬ માં રામપોળ દરવાજાનું નિર્માણકાર્ય પૂરું થયું અને સદ્દગત શ્રી તરલાબહેન કસ્તુરભાઈના સ્મરણાર્થે ભગવાન શ્રી ઋષભદેવજીના ચરણોમાં તે અર્પિત થઈ ગયું. પછી તો સગાળપોળ, વાઘણુપોળ, હાથીપોળ અને રતનપોળ એમ બધા જ દરવાજાઓ જાણે સાદ પાડીને કહેતા ન હોય કે હવે અમારો કાયાકલ્પ ક્યારે કરો છો, તેના ભણકારા લાગવા માંડયા અને તે માટેના નકશાઓ બનાવવાની તાકીદ શિલ્પી અમૃતલાલને થવા લાગી અને એકે એકે બધા જ દરવાજાઓએ વિ.સં. ૨૦૨૪ સુધીમાં નવા વેશ ધારણ કરી લીધા, રતનપોળ દરવાજામાં હજુ કેટલુંક મૂર્તિકામ કરવાનું છે. આ દરવાજાઓએ શત્રુંજય ઉપરનાં મંદિરોની ભવ્યતા અને ગૌરવમાં ઘણો વધારો કર્યો છે.

રામપોળ દરવાજાના પ્રસંગ પછી શેઠશ્રી કસ્તુરભાઈએ મનથી નિશ્ચય કરી લીધો હતો કે બધા જ દરવાજાઓને કલાત્મક અને ભવ્ય કરવા, પરંતુ ધનવ્યયની ચિંતામાંથી ટ્રસ્ટને મૂક્ત રાખવું અને બધા દરવાજા માટેના ખર્ચની જવાબદારી પોતે જ ઉપાડી લેવી. અને તે રીતે તેઓશ્રીએ પોતાના આપ્ત જનોના સ્મરણાર્થે તીર્થની મહત્તાને વધારનાર આ ચાર સિંહદ્વારોને અંજલિ રૂપે ભગવાનશ્રી ઋષભદેવના ચરણોમાં સમર્પિત કર્યા.

દરવાજાઓની સાથે સાથે સગાળ પોળ અને વાઘણ પોળની આગળ પાછળના ચોક એટલા વ્યવસ્થિત, વિશાળ અને સ્વચ્છ બનાવી દેવામાં આવ્યા છે કે દશ વર્ષ પહેલાં આવી ગયેલ કોઈ યાત્રી અત્યારે ફરી શત્રુંજયની યાત્રાએ આવી ચડે તો તેને શત્રુંજયની સ્વર્ગીય ભવ્યતામાં અનેકગણો વધારો થઈ ગયાનો અનુભવ થયા વિના રહે નહિ.

ઉપરોક્ત ચાર દરવાજાઓ પૈકીનો વાઘણપોળ દરવાજો વિ. સં. ૧૨૮૮ માં રાણા વીરધવલના મંત્રીઓ વસ્તુપાલ અને તેજપાળે નવો બનાવ્યો હતો. દરવાજાના આગળના ભાગની દીવાલોમાં વસ્તુપાલ અને તેજપાળની પ્રતિમાઓ યાત્રાએ પધારતા શ્રીસંઘને પ્રણામ કરતી અને દરવાજાના પાછળના ભાગમાં તેમના ભાઈ લુણીગ અને માલદેવની મૂર્તિઓ હાથમાં કળશ લઈને ઋષભદેવ ભગવાનની પૂજા માટે તૈયાર થયા હોય તે રીતની બનાવરાવી હતી તેવો પ્રશસ્તીલેખ વાઘણપોળ દરવાજાના હાલના જીર્ણોદ્ધાર વખતે મળી આવ્યો છે. પરંતુ દરવાજાનો મોટો ભાગ મુસ્લીમ શાસનકાળમાં તોડી પાડેલો હોય તેવું માલૂમ પડયું હતું અને એક પણ મૂર્તિ મળી આવી નથી. મૂળ દરવાજો બે સ્તંભો વચ્ચે ૧૦ ફૂટ પહોળો હતો પરંતુ તેને તોડી પાડયા પછી તેને અંદરથી ચણી લઈને ૫–૯" પહોળો કરી લેવામાં આવ્યો હતો. આ દરવાજાને હાલ વાઘણપોળ કહેવામાં આવે છે, પરંતુ વસ્તુપાળ-

તેજપાળના લેખમાં તેવો કોઈ ઉલ્લેખ નથી; તેમાં તો ફક્ત પ્રતોલી કરાવી તેમ લખ્યું છે.

શેઠ મોતીશાની ટૂંકના સામેના ભાગમાં તેઓના સ્ટાફના માણસોને રહેવા માટેના ઉતારા હતા. રામપોળ દરવાજામાં પેસતા જ આ વિભાગ સંકડાશવાળો અને અપ્રતીતિકર લાગે તેવો હતો. આ ઉતારા ત્યાંથી કાઢી બીજી યોગ્ય જગ્યાએ કરવા બાબત શેઠ મોતીશા ટ્રસ્ટના ટ્રસ્ટિઓ સાથે વાટાઘાટો કરી, અરસપરસ શુભેચ્છા વધારી શેઠશ્રી કસ્તુરભાઈએ તે ઉતારા ત્યાંથી કાઢી નાંખી ચોકનો ખાડો પુરાવી તેને વિશાળ કરાવ્યો અને સુયોગ્ય ક્રમે આમ્રવૃક્ષો વવરાવ્યા તેથી શેઠ મોતીશાની ટૂંકની ભવ્યતા પણ ઘણી વધી ગઈ અને શત્રુંજયની ભવ્યતામાં તો વધારો થયો જ.

આવી બધી બાબતોમાં કયાં શું હોવું જોઈએ અને કયાં નહિ તે સમજવાની દૃષ્ટિ હોવી આવશ્યક છે અને સાથે સાથે દૃષ્ટિને ખૂંચે તેવી બાબતોને સુધારવાની ખંત પણ હોવી જોઈએ. કારણ, આવાં બધાં કામો ઇચ્છા થાય એટલે તુરત થઈ જતાં નથી, પરંતુ તેને માટે સારી એવી ધીરજ અને ખંતથી કામ કરવું પડે છે.

શેઠશ્રી કસ્તુરભાઈની રાહબરી નીચે શેઠ આણંદજી કલ્યાણજીએ પાલીતાણા ગામ બાજુએ જયતળાટીથી ગિરિરાજ શત્રુંજય ઉપર જવાના વસ્તુપાળ પાગ નામના રસ્તાનાં પગથિયાં પાંચથી સાડા પાંચ ઈંચની ઊંચાઈનાં રૂ. ૪૬૦૦૦૦ ના ખર્ચે વિ. સં. ૨૦૦૮ થી ૨૦૧૨ સુધીમાં નવાં બંધાવ્યા અને તેની પહોળાઈ આઠથી દસ ફુટ હતી તે વધારીને સોળ ફૂટ કરી અને બાળકો તથા વૃદ્ધો માટે તે માર્ગ સરળ કરી આપ્યો તથા આખે રસ્તે છાંયા માટે વૃક્ષો વવરાવ્યાં. અને તે જ રીતે ગિરિરાજ ઉપરથી આતપુર ગામની તળેટીમાં આવેલી ઋષભદેવ ભગવાનના પગલાની દેરી સુધી જવા માટેનો ઘેટીપાગ નામનો રસ્તો પણ આતપુર ગામ સુધી પગથિયાં વધારીને રૂા. ૧૧૮૦૦૦ના ખર્ચે વિ. સં. ૨૦૨૧ માં નવો કરાવ્યો.

ચોમુખજીની ટૂંક પાસેના ભાગમાં ૮૦–૪૫ ફૂટનો ૧૮ ફૂટ ઊંડો કુંડ નવો બનાવ્યો અને પૂજાર્થીઓ માટે નવા સ્નાનગૃહો બનાવ્યાં. ચૌમુખજીની ટૂંક પાસેના નવા કુંડમાંથી હાથીપોળ પાસેના સ્નાનગૃહોમાં પાણી પહોંચાડવામાં આવ્યું. આ બધી શેઠશ્રી કસ્તુરભાઈની દીર્ઘદૃષ્ટિ હતી. જો સમયસર આ કુંડ બનાવવાવાં ન આવ્યો હોત તો યાત્રીઓની વધેલી સંખ્યા જોતાં આજે સ્નાન માટેનું પાણી બધાને પૂરું પડત નહિ.

પ્રાચીન સંસ્કૃતિના સંરક્ષણ પ્રત્યે શેઠશ્રી સદાય જાગૃત છે. તે માટે તળેટીમાં સંગ્રહાલયનું એક નવું મકાન બનાવવામાં આવ્યું છે. ચિત્રો, લેખો અને પ્રાચીન કલાત્મક અવશેષનો ત્યાં સંગ્રહ કરવામાં આવશે. આ બધી પ્રવૃત્તિનું મહત્ત્વ બધા લોકોને અત્યારે કદાચ ન સમજાય, પરંતુ ભવિષ્યમાં ઇતિહાસ-સંશોધનમાં તે બહુ સારો ભાગ ભજવશે. રામપોળ દરવાજાના ગઢની દિવાલ પાસેના ખોદકામમાંથી નીકળેલા વિશાળ મંદિરના કેટલાક કલાત્મક પથ્થરો ગઢના અંદરના ભાગમાં ગઢની દીવાલને અઢેલીને શાંતિથી બેઠા છે અને તેમની સાથે તેમની ભાષામાં વાતો કરીને તેઓ તેમની જાહોજલાલીના વખતમાં કયાં હતા અને આવી સ્થિતિમાં કયાંથી અને કયારે આવી પડયા તે સમજીને જગતને તે જણાવી શકે તેવા પુરાતત્ત્વવિદની રાહ જોઈ રહ્યા છે. સંગ્રહસ્થાન આવા સહુ પુરાણા મહેમાનોને આવકારશે અને લોકોને તેઓની પાસેથી ઘણી ઘણી વાતો જાણવા મળશે.

તીર્થપતિ શ્રી ઋષભદેવ ભગવાનના મંદિરનો સાંગોપાંગ જીર્ણોદ્ધાર એટલે કે ગૂઢમંડપની આગળની છચોકી અને નૃત્યમંડપ સહિતનો મૂળના જેવો જ સંપૂર્ણ જીર્ણોદ્ધાર કરાવનાર વ્યક્તિની આ મંદિરે ૪૦૦ વર્ષ સુધી રાહ જોઈ છે. નૃત્યમંડપની કામચલાઉ જગ્યા પૂરીને ઉભેલો લોખંડનો માંડવો, જો તેને વિદાય આપવામાં ન આવે તો, પોતાની મેળે વિદાય લેવાની તૈયારીમાં છે. તેવે

વખતે સમયની માંગને સમજીને યોગ્ય રીતે પૂર્ણ કરી શકે તેવા નેતા શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને મલ્યા છે, તે બતાવે છે કે, પોતાની યૌવનપૂર્ણ સ્થિતિ પ્રાપ્ત કરવા માટેનો કાયાકલ્પ કરાવનાર વૈદ્ય, મળી ગયાનો સંતોષ આ ત્રૈલોકસુંદર પ્રાસાદ મેળવી શકશે, તેવી શ્રદ્ધા આપણે રાખી શકીએ, અને આવા ભગીરથ કાર્યો માટે પ્રભુ તેઓશ્રીને યશ અને દીર્ઘાયુષ્ય બક્ષે તેવું તેઓશ્રીના અમૃત મહોત્સવ વખતે આપણે પ્રાર્થીએ.

# દેલવાડા

ભારતનાં ટોચનાં કલાધામોમાં જેની ગણના થાય છે તેવા પશ્ચિમ ભારતના આબુ પર્વત ઉપરનાં દેલવાડાનાં જૈન મંદિરો છેલ્લાં ૯૦૦ વર્ષથી પોતાના અપૂર્વ કલાભંડાર દ્વારા ધર્મપ્રેમી અને કલાપ્રેમી પ્રવાસીઓને આનંદવિભોર બનાવી રહ્યાં છે.

ગુજરાતના મહારાજા ભીમદેવના એક મંત્રી અને ચંદ્રાવતીના દંડનાયક મંત્રી વિમલશાહે વિ.સં. ૧૦૮૮ માં આબુ પર્વત ઉપરના પ્રાચીન જૈન તીર્થનો ઉદ્ધાર કરીને ત્યાં જે મંદિર બંધાવ્યું તેને વિમલવસહિ નામ આપવામાં આવ્યું છે. અને ગુજરાતના મહારાજા ભોળા ભીમદેવના યુવરાજપદે સ્થપાયેલા ધોળકાના રાણા વીરધવળના મંત્રી વસ્તુપાળ અને તેજપાળે વિ.સં. ૧૨૮૭માં મંત્રી તેજપાળના પુત્ર લુણસિંહના નામ ઉપરથી લુણવસહિ નામનું મંદિર બંધાવ્યું. સફેદ આરસ પથ્થરથી આ મંદિરો બંધાવીને આ મહાપુરુષોએ જગતને એક એવી ભેટ આપી છે કે જેનું મૂલ્ય રૂપીઆ–પૈસાથી કદી આંકી શકાય નહિ. હજારો અને લાખો લોકો સેંકડો વર્ષોથી તેનો આનંદ માણી રહ્યા છે અને હજુ સેંકડો વર્ષો સુધી માણતા રહેશે. આ મહાપુરુષોએ ચંચલા લક્ષ્મીના કરેલા આ વિવેકપુરઃસરના સદુપયોગને જોઈને દરેકનું હૃદય ધન્યતા અનુભવે છે.

મંત્રી વિમલશાહે પોતે યુદ્ધો લડયા હતા તેના પાપનું પ્રાયશ્ચિત્ત શ્રી ધર્મઘોષસૂરિજી પાસે માગ્યું હતું, ત્યારે તેમણે આબુ તીર્થનો ઉદ્ધાર કરવાની આજ્ઞા પ્રાયશ્ચિત રૂપે આપી હતી. તે ઉપરથી એટલું સ્પષ્ટ થાય છે કે મંત્રી વિમલશાહે વિમલવસહિ મંદિર બનાવ્યું તે પહેલાં ત્યાં જૈન તીર્થ હતું. હિસ્ટ્રી ઓફ ઇન્ડીઅન આર્કીટેકચરના લેખક જેમ્સ ફર્ગ્યુસન એવી શંકા કરે છે કે વિમલવસહિ મંદિરનો મૂળ ગભારો અને ગૂઢમંડપનો ભાગ તથા અંબિકાજીની દેરી અગિયારમી શતાબ્દી પહેલાંના હોવાં

જોઇએ. ઉપરની હકીકતોને ટેકો મળે તેવા કેટલાક પુરાવા હાલના જીર્ણોદ્ધાર વખતે મલ્યા છે. હાલના નૃત્યમંડપની આરસ પથ્થરની ફરસ, જે ઊંચી-નીચી થઈ ગઈ હતી, તે ઉખાડીને સરખી કરતાં મંડપના વચ્ચેના ભાગમાંથી બીજા ચાર સ્તંભોની બેઠકો કાળા પથ્થરમાં ઘાટ કાઢીને બેસાડેલી મળી આવી હતી, જે હજુ પણ ફરસની નીચે મોજૂદ છે. મંડપની ફરસબંધીની નીચેથી મળેલી સ્તંભોની બેઠકોથી એટલું નક્કી થાય છે કે અષ્ટહાંસના પાટડાઓ મૂકીને હાલ કરેલો છે તેવો વિશાળ ઘુંમટવાળો મંડપ પહેલાં ત્યાં નહિ હોય, પરંતુ વચ્ચે ચાર થાંભલાઓ આવે તે રીતે ચોકીઓ પાડીને જૂની પદ્ધતિએ કરેલો મંડપ ત્યાં હશે. પરંતુ મંત્રી વિમળશાહે નવી પદ્ધતિએ વચ્ચેના થાંભલાઓ કાઢી નાખી મોટા ઘુંમટવાળો મંડપ ત્યાં કરાવ્યો હશે. હવે જો વચ્ચેનું કાળા પથ્થરનું મૂળ મંદિર વિમળશાહના પહેલાંનું હોય તો જે સ્તંભોની બેઠકો મળી આવી છે તે તેથી પણ પહેલાંની હોઈ શકે, કારણ, હાલના મંદિરના લેવલથી સ્તંભોની બેઠકનું તળ ૨–૦ ફૂટ જેટલું નીચું છે, એટલે જૂના મંદિરનું તળ પણ બે ફૂટ જેટલું નીચું હોવું જોઈએ. આથી એટલું તો સ્પષ્ટ થઈ જાય છે કે મંત્રી વિમળશાહે જૂના મંદિરના પાયા ઉપર જ નવું મંદિર બનાવી જીર્ણોદ્ધાર કર્યો છે.

શ્રી વિમળશાહે આ મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો ત્યારે તેમાં બિરાજમાન શ્રી ઋષભદેવ ભગવાનની પ્રતિમા, જે આબુ પર્વતના સ્થાનિક કાળા પથ્થરની બનેલી હતી તેને ભમતીના નૈઋત્ય ખૂણે અંબિકાદેવીની દેરી પાસેના વિભાગમાં બિરાજમાન કરવામાં આવી હતી, જે હાલ ત્યાં બિરાજમાન છે. કારણ કે શેઠ વિમલશાહે પંચ ધાતુની નવી મૂર્તિ બનાવરાવીને મુખ્ય મંદિરમાં બિરાજમાન કરી હતી.

મંત્રી વિમલશાહે આ મંદિરના ઉદ્ધાર માટે સફેદ આરસ પથ્થરનો ઉપયોગ કર્યો છે અને છૂટા હાથે ધન ખર્ચ કરીને

મંદિરની નવચોકી, નૃત્યમંડપ તથા ભમતીની દેરીઓ અને સ્તંભો, ભારવટો તથા છતો અને ગુંબજો તથા દ્વારશાળો એટલાં કલામય બનાવ્યાં છે કે જોનાર માણસ થાકી જાય તોપણ તેનો પાર આવે નહિ. યક્ષો અને યક્ષિણીઓ, વિદ્યાધરો ને વિદ્યાધરીઓ તથા કિંપુરુષો અને અપ્સરાઓની મૂર્તિઓ તથા તીર્થંકરોના જીવન-ચરિત્રોના દૃશ્યો અને નૃસિંહ અવતાર તથા શ્રીકૃષ્ણકાલિયમર્દન જેવા અનેક નયનરમ્ય કલાફલકોથી ભરચક આ મંદિર, કાચના ઝુમ્મરોની સાથે નાજુકતામાં હરીફાઈ કરતા આરસ પત્થરના અનેક ઝુમ્મરો અને તોરણોથી એટલું બધું શોભાયમાન લાગે છે કે કલા-પિપાસુ મનુષ્યને સદેહે સ્વર્ગમાં આવ્યા જેવી જ લાગણી થાય. વિમલશાહની પછી ૧૧૩ વર્ષે તેમના ભાઈના વંશજોએ આ મંદિરની દેરીઓના જીર્ણોદ્ધાર કરાવ્યા છે. તે કામ વિ સં. ૧૨૦૧ થી ૧૨૪૫ સુધી ચાલુ રહ્યું છે. ગુજરાતના પ્રતાપી મહારાજા સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળ એમ બંનેના મંત્રીપદે રહી ચૂકેલા મંત્રી પૃથ્વીપાલે મંદિરની આગળની હસ્તિશાલા તથા મંડપ કરાવ્યો અને વિ.સં. ૧૨૦૪ થી ૧૨૦૬ માં સાત હાથીઓ કરાવ્યા. તે પછી તેમના પુત્ર મંત્રી ધનપાળે વિ.સં. ૧૨૩૭ માં ત્રણ હાથીઓ કરાવ્યા અને વિ.સં. ૧૨૪૫ માં કેટલીક દેરીઓનો જીર્ણોદ્ધાર કરાવ્યો. તૈયાર મંદિરમાં કાંઇ સુધારો કરી સુંદરતા વધારવામાં આવે કે અધૂરું કામ પૂરું કરવામાં આવે અગર કાંઈ ઉમેરો કરવામાં આવે તે બધાને જીર્ણોદ્ધાર જ કહેવામાં આવે છે. એટલે ૧૧૩ વર્ષના ટૂંકા ગાળામાં મંદિરના ભાગો જર્જરીત થઈ ગયા હશે તેમ માનવાની જરૂર નથી.

વિ.સં. ૧૨૮૭ માં મંત્રી વસ્તુપાળના નાનાભાઈ તેજપાળે બંધાવેલું લુણવસહિ નામનું શ્રી નેમનાથ ભગવાનનું સુંદર મંદિર કલાકારીગરીમાં વિમલવસહિ મંદિરની સાથે સ્પર્ધા કરે એવું છે. છતોનાં ઝુમ્મરોની બારીકીમાં તે ઘણી જગ્યાએ વિમલવસહિ કરતાં પણ ચડી જાય છે. ગૂઢમંડપની આગળની નવચોકીના ગુંબજોની

છતોના ગુમ્મશ અને ત્યાં જ આવેલા દેરાણી–જેઠાણીના નામે ઓળખાતા પોતાની બીજી પત્ની સુહડાદેવીના કલ્યાણ અર્થે મંત્રી તેજપાળે કરાવેલા બે ગોખની કારીગરી ઘણા ઊંચા પ્રકારની છે. મુખ્ય ઘુંમટની પદ્મશિલા અને સ્તંભો ઉપરનાં તોરણો પણ વિશિષ્ટ પ્રકારના છે અને ભમતીમાં આવેલી નેમનાથ ભગવાનના જીવનચરિત્રવાળી છત પણ પોતાની આગવી વિશિષ્ટતા ધરાવે છે.

વિમલવસહિ અને લુણવસહિ મંદિરોમાં કારીગરીની દૃષ્ટિએ કયું મંદિર ચડિયાતું છે તે કહેવું મુશ્કેલ છે. આ બંને મંદિરોના કેટલાક ભાગો વિ. સં. ૧૩૬૮માં અલ્લાઉદ્દીન ખીલજીના સૈન્યના હાથે વિધ્વંશ પામ્યા હતા તેમ મનાય છે. શ્રીમાન જિનપ્રભસૂરિજીએ વિ. સં. ૧૩૪૫ થી ૧૩૮૯ સુધીમાં પૂર્ણ કરેલા તેમના વિવિધ તીર્થકલ્પમાં લખ્યું છે કે આ બંને મંદિરોને મુસલમાનોએ ખંડિત કર્યાં હતાં. આવાં ઝળહળતા રત્ન સમાં મંદિરોને જૈન શ્રેષ્ઠીઓ ખંડિત હાલતમાં રહેવા દે તે કેમ બને? એટલે મંદિરભંજકોની પુંઠ ફરતાં જ તેમણે પોતાના ધનભંડારો ખુલ્લા મુકી દીધા અને માંડવ્યપુરના શ્રેષ્ઠી લલ્લ અને વીજડ આદી નવ ભાઈઓએ વિમલવસહિ મંદિરનો અને સંઘપતિ પેથડે લુણવસહિ મંદિરનો જીર્ણોદ્ધાર વિ. સં. ૧૩૭૮માં પૂર્ણ કરી પ્રતિષ્ઠા કરી અને મંદિરોને ફરી પાછા સ્તુતિ–સ્તોત્રોથી ગુંજતાં કરી દીધાં. ત્યાર પછી આ મંદિરોના કોઈ ખાસ જીર્ણોદ્ધાર થયા હોય તેવાં પ્રમાણો નથી.

આબુ પર્વતની તળેટીમાં આવેલું સેંકડો શિવાલયો અને જિનાલયો ધરાવતુ ચંદ્રાવતી નગર ઉત્તર ભારતથી દક્ષિણ ભારત જતા–આવતા મુસ્લીમ શાસકોના ઘોડાઓના મારથી ધીમે ધીમે સંપૂર્ણ વિનાશ પામી ગયું. તેવા સમયમાં દેલવાડાનાં આ સુંદર મંદિરો કદાચ પર્વત ઉપર હોવાના કારણે જ બચી ગયાં હોય તેમ બને. આ મંદિરો વધુ વિનાશમાંથી ઊગરી ગયાં અને આબુ

ઉપર દેલવાડામાં બીજા મંદિરો પણ આ સમયમાં બંધાયાં તેમાં પંદરમી શતાબ્દમાં શ્રેષ્ઠી ભીમાશાહે બંધાવેલું શ્રી ઋષભદેવ ભગવાનનું પીતળહરના નામે ઓળખાતું મંદિર અને સોળમી સદીમાં બંધાયેલું ખરતરવસહિ તરીકે ઓળખાતું શ્રી પાર્શ્વનાથજીનું ચતુર્મુખ મંદિર પણ કેટલેક અંશે પોતાની આગવી વિશિષ્ટતા ધરાવે છે. પાંચમું મંદિર સુવિધિનાથનું છે, જે મહાવીરસ્વામીના મંદિરના નામે ઓળખાય છે, તે તદ્દન સાદું છે. ભીમાશાહના મંદિરના નૃત્યમંડપનો તથા દેરીઓનો ભાગ અધૂરો રહી ગયેલો છે.

ઈ. સ. ૧૮૯૮ થી ૧૯૦૫ના ગાળામાં દેલવાડાનાં મંદિરોની યોગ્ય સાચવણી કરી શકાય તે માટે તેને નવા રચાયેલા પુરાતત્ત્વ ખાતાના અંકુશ તળે લેવાનો ભારતીય કલાત્મક સ્થાપત્યોના પ્રેમી વાયસરોય લોર્ડ કર્ઝને પ્રયત્ન કર્યો હતો, ત્યારે ભારતના સમસ્ત શ્વેતામ્બર જૈનોના પ્રતિનિધિ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શેઠ લાલભાઈ દલપતભાઈએ લોર્ડ કર્ઝનને મળીને મંદિરોની બધી જ વ્યવસ્થા જૈન સંઘના હસ્તક જ રહે તેવી ગોઠવણ કરાવી હતી. આ મંદિરોની વ્યવસ્થા સ્થાનિક સંઘ મારફત એટલે કે સિરોહીના સંઘ તરફથી રચાયેલી પેઢી શેઠ કલ્યાણજી પરમાનંદના હસ્તક હતી. તેઓએ આ મંદિરોના ભગ્નાંશોનું સમારકામ હાથ ઉપર લીધું હતું, પરંતુ યોગ્ય શિલ્પીઓના અને યોગ્ય સમજના અભાવે અને કાંઈક અંશે નાણાંની ખેંચને લીધે તે યશસ્વી બની શકયું નહોતું. હિન્દુસ્તાનના સમસ્ત શ્વેતામ્બર જૈનોના પ્રતિનિધિ શેઠ આણંદજી કલ્યાણજીની સંસ્થાના પ્રમુખ શેઠશ્રી કસ્તુરભાઈને આ સમારકામ સંતોષી શકયું નહોતું, તેથી તેઓએ શેઠ કલ્યાણજી પરમાનંદના ટ્રસ્ટિઓને તે બંધ રાખવા જણાવ્યું અને જરૂરી ધન ખર્ચીને યોગ્ય શીલ્પીઓ દ્વારા શેઠ આણંદજી કલ્યાણજી આ કામ કરાવે તેમાં મદદ રૂપ થવા જણાવ્યું. શેઠ કલ્યાણજી પરમાનંદજીના ટ્રસ્ટીઓએ તે વાત સ્વીકારી લીધી.

મંદિરોના જીર્ણોદ્ધારનું કામ શેઠ આણંદજી કલ્યાણજીને સોંપાયા પછી સમારકામ માટેના યોગ્ય પથ્થરની શોધ કરવામાં આવી. કારણ જે સમારકામ કરવામાં આવ્યું હતું તેમાં મકરાણાની ખાણોનો આરસ પથ્થર વાપરવામાં આવ્યો હતો, તે મંદિરોના મૂળ આરસ પથ્થર સાથે બિલકુલ મળતો આવતો નહોતો, તેથી તે વાપરી શકાય તેમ નહોતો. જે સમયે ઝડપી વાહન વહેવારનાં સાધનો નહોતાં તે સમયમાં દરેક જગ્યાએ સ્થાનિક પથ્થર જ વાપરવામાં આવતો હતો. તે સિદ્ધાંત મુજબ પથ્થર આબુની આસપાસનો જ હોવો જોઈએ તેમ સમજીને તપાસ કરવામાં આવી અને અંબાજી પાસેની દાંતા રાજ્યની આરાસુરની ખાણોનો પથ્થર દેલવાડાના વિમલવસહિ અને લુણવસહિ મંદિરોના પથ્થરો સાથે બરોબર મળી રહ્યો અને આબુની દક્ષિણે આવેલી શેરવા પેરવાની ખાણોનો પથ્થર પીતળહર અને ખરતરવસહિ મંદિરોના પથ્થરો સાથે બરોબર મળી રહ્યો હતો.

પથ્થરોની જૂની ખાણો મળી આવ્યા પછી મુંબઈના પ્રસિદ્ધ આર્કીટેકટ શ્રી બેટલીને સલાહ માટે આબુ બોલાવવામાં આવ્યા અને પ્રાચીન શિલ્પશાસ્ત્રના જાણકાર શિલ્પીઓ શ્રી ભાઇશંકર ગૌરીશંકર, દલ્લછારામ ખુશાલદાસ તથા ભગવાનલાલ ગિરધરલાલ અને અમૃતલાલ મૂળશંકરની પણ સલાહ લેવામાં આવી અને તે ચાર શિલ્પીઓ પાસેથી ખર્ચનો સંયુક્ત અંદાજ લેવામાં આવ્યો. આ ચાર શિલ્પીઓ પૈકીના શિલ્પી અમૃતલાલને આ જીર્ણોદ્ધાર કામની જવાબદારી સોંપવામાં આવી.

મહાન જૈનાચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી તથા શ્રી વિજયોદયસૂરીશ્વરજી અને શ્રી નંદનસૂરીશ્વરજીની સલાહ અને આજ્ઞા લેવામાં આવી. તે પછી આરાસુરની ખાણોનો પથ્થર મેળવવા માટે જોરદાર પ્રવૃત્તિ કરવામાં આવી; કારણ જો આરાસુરની ખાણોનો પથ્થર મળે તો જ વિમલવસહિ અને લુણવસહિ મંદિરના કલા-ખંડોનો જીર્ણોદ્ધાર કરી શકાય તેમ હતું. પરંતુ આ ખાણો તે

વખતે દાંતાના રાજ્યની હકૂમતમાં હતી અને દાંતાના રાજા પથ્થર આપવા તૈયાર નહોતા. એટલે દાંતા રાજ્યનું મુંબઇ રાજ્યમાં વિલિનીકરણ થયું ત્યાં સુધી ખાણો મળી શકી નહિ, પરંતુ વિલિનીકરણ પછી મુંબઈ રાજ્ય તરફથી મંજૂરી મળી અને જીર્ણોદ્ધારનું કામ વિ. સં. ૨૦૦૭માં ચાલુ કરવામાં આવ્યું.

કામ ચાલુ કરતાં પહેલાં શેઠશ્રી કસ્તુરભાઈ અને તેઓશ્રીના કુટુંબીજનો અને અન્ય ટ્રસ્ટિઓએ દેલવાડા મંદિરની મુલાકાત લીધી હતી. ત્યારે મંદિરોનું કાચ જેવું પાતળું અને બારીક કોતરકામ તથા તૂટેલી પ્રાચીન મૂર્તિઓ વગેરે જોતાં હાલના જમાનામાં આવા ઝુમ્મરો આરસ પથ્થરમાં બનાવનાર અને આવી મૂર્તિઓ બનાવનાર કે તેને સમારનાર શિલ્પીઓ મળે કે કેમ તે બાબત મોટા ભાગના સભ્યો શંકાશીલ બન્યા હતા, પરંતુ મનુષ્યને પારખવાની શેઠશ્રી કસ્તુરભાઈની પારગામી સ્થિર દૃષ્ટિએ યોગ્ય કલાકારોને પિછાની લીધા હતા.

કામની શરૂઆતમાં બબ્બે મહિનાને અંતરે દેલવાડાની મુલાકાત લઈને જૂનાં અને નવાં કામોની સરખામણી કરીને પોતાને સંપૂર્ણ સંતોષ થયા પછી જ શેઠશ્રીએ આગળ કામ ચલાવવાની સંમતિ આપી હતી. શેઠશ્રીનો કલા વિષેનો અંગત રસ, સમજ અને સંતોષ જોયા પછી શિલ્પીઓને યોગ્ય કામ કરી આપવાનું પૂરતું પ્રોત્સાહન મળી ચૂક્યું હતું.

શેઠશ્રી કસ્તુરભાઈને ફક્ત મંદિરોનો જીર્ણોદ્ધાર કરવામાં આવે તેટલાથી સંતોષ ન હતો, આવા બેનમૂન મંદિરોની આજુબાજુ સંપૂર્ણ સ્વચ્છતા હોવી જોઈએ, તેને ફરતું પ્રાંગણ અને જરૂરી બાગ હોવાં જોઈએ તથા યાત્રિઓ અને મુલાકાતીઓને રહેવા તથા બેસવાની સુંદર વ્યવસ્થા હોવી જોઈએ; તો જ આ મંદિરોનો સંપૂર્ણ ઉદ્ધાર થયો ગણાય તેવી ભાવના હોવાથી આર્ચીટેકટ શ્રી બેટલી પાસેથી તે બાબતનો રીપોર્ટ તથા પ્લાન મેળવ્યા હતા અને શ્રી અમૃતલાલ તથા બાલકૃષ્ણ દોશીએ પણ

આ કામ માટે પ્લાનો બનાવ્યા હતા. અને મંદિરોને લગોલગ વસેલું દેલવાડા ગામ અને મંદિરોની અડોઅડ આવેલાં કાર્યાલયના મકાનો ઉપાશ્રયો વગેરેને ત્યાંથી ફેરવીને યોગ્ય જગ્યાએ બનાવવાની યોજના કરી હતી. જીર્ણોદ્ધાર કામની શરૂઆત વખતે માઉન્ટ આબુ મુંબઈ રાજ્યની હકુમતમાં હતું. તે વખતે મુંબઈના પંત-પ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઈ આબુની મુલાકાતે આવ્યા હતા ત્યારે શેઠશ્રી કસ્તુરભાઈએ તેઓશ્રીને સ્થળ ઉપર લઈ જઈને આ મંદિરોની આજુબાજુની સુધારણાની યોજના સમજવી હતી અને શ્રી મોરારજીભાઈએ આ સુંદર કામમાં મુંબઈ રાજ્ય પૂર્ણ સહકાર આપશે તેમ જણાવ્યું હતુ. પરંતુ આ બધા કામ માટે જરૂરી જમીનો મેળવવાનો સરકારી વિધિ પૂરો થાય તે પહેલાં આબુ મુંબઈમાંથી રાજ્યસ્થાનમાં જતું રહ્યું અને સ્થાનિક વહીવટદાર પેઢી શેઠ કલ્યાણજી પરમાનંદે આ કામ પોતાને કરી લેવા દેવામાં આવે તેવો આગ્રહ રાખ્યો, તેમાં અટવાઈ ગયું. જે હજુ પણ થઈ શકે તેવું છે. મંદિરો તો જીર્ણોદ્ધાર થઈને ખૂબ જ સુંદર થઈ ગયાં છે. પરંતુ બહારના આ ભાગને મૂળ યોજના પ્રમાણે સુધારી મંદિરના વહીવટદારો શેઠશ્રી કસ્તુરભાઈની યોજનાને પૂર્ણ કરે તો ધર્મની અને કલાની મોટી સેવા કરી ગણાશે.

જીર્ણોદ્ધારનુ કામ વિ. સં. ૨૦૦૭ થી ૨૦૧૯ સુધી એકધારું ૪૨૪૪ દિવસ સુધી ચાલ્યું, તેમાં રોજના સરેરાશ ૭૫ માણસોએ ધીરજ અને ખંત પૂર્વક કામ કરીને એકેએક ભગ્નાંશનું સમારકામ કરી આપ્યું હતું. આમાં મહત્ત્વની વાત તો એ છે કે તૂટેલી એક પણ મૂર્તિ કે કોતરકામવાળો કોઈપણ ભાગ કાઢી નાખવામાં આવ્યો નથી, પરંતુ અસલમાંથી જેટલો ભાગ તૂટી ગયો હોય તેટલો જ ફક્ત નવો ઉમેરવામાં આવ્યો છે. આ નવા ઉમેરેલા ભાગો એટલા આબેહૂબ થયા છે કે તે નવા છે તેવું કળવું બહુ મોટા નિષ્ણાત માટે પણ અઘરું બને છે.

આ જીર્ણોદ્ધાર વખતે વિમલવસહિની અનુક્રમ નંબર ૧૮

થી ૨૭ સુધીની દેરીઓ અને લુણવસહિ મંદિરની અનુક્રમ નંબર ૨૩ થી ૩૦ સુધીની દેરીઓનો બધો કલાત્મક ભાગ નવો બનાવવામાં આવ્યો છે, જે પૈકીનો મોટો ભાગ પહેલા જીર્ણોદ્ધાર વખતે એટલે મુસ્લીમ હુમલા પછી કાળા પથ્થરથી સાદો બનાવી લેવામાં આવ્યો હતો.

આ જીર્ણોદ્ધાર કામ એકાદ વર્ષ ચાલ્યા પછી તેના વિષે અખબારોમાં અવારનવાર લેખો આવતા થયા હતા; તે ઉપરથી મધ્ય પ્રદેશના એક ગૃહસ્થે ભારત સરકારના પુરાતત્ત્વ ખાતાને લખ્યું કે આશરે પંદર વર્ષ પહેલાં દેલવાડાનાં મંદિરોની મેં મુલાકાત લીધી ત્યારે જીર્ણોદ્ધાર કામ જોયું હતું, તે સારું થતું ન હોતુ, આવું કામ ચાલવા દેવુ જોઈએ નહિ, તે ઉપરથી પુરાતત્ત્વ ખાતાએ મંદિરની અંદરનું સમારકામ બંધ કરાવ્યું હતું. પુરાતત્ત્વ ખાતાને ખાતરી કરાવી આપી હતી કે પંદર વર્ષ પહેલાં ચાલતું હતું તે કામ આ નથી. પંદર વર્ષ પહેલાંના અયોગ્ય થીગડાંઓ હાલ કાઢી નાખવામાં આવે છે, અને જુના કામને સંપૂર્ણ વફાદાર રહીને હાલનું આ કામ કરવામાં આવે છે. ત્યાર પછી સમારકામ ઉપરનો પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવ્યો હતો. જીર્ણોદ્ધારનું આ કામ ચાલતું હતુ ત્યારે ભારતના નામી પુરાતત્ત્વ-વિદોએ દેલવાડાની મુલાકાત લીધી હતી અને જીર્ણોદ્ધાર કામની મુક્ત કંઠે પ્રસંશા કરી હતી.

બાર વર્ષની સતત એકધારી સાધના પછી, એક કિલોગ્રામ ઘઉંની કિંમત રૂ. ૦–૫૦ પૈસા હતી તે સમયે, રૂ. ૧૩૮૨૭૫૧ ના ખર્ચે દેલવાડાના આ પાંચ મંદિરોએ નવજીવન પ્રાપ્ત કર્યું હતું.

શેઠશ્રી કસ્તુરભાઈનાં અનેક સત્કાર્યો પૈકીનું આબુ પર્વત ઉપરનાં દેલવાડાનાં આ રાષ્ટ્રીય ગૌરવસમાં મંદિરોના જીર્ણોદ્ધારનું કાર્ય તેઓશ્રીના જીવનનું એક અતીવ શ્રેષ્ઠ કાર્ય બની રહેશે. પંચોતેર વર્ષ પૂરાં કરી છોતેરમાં વર્ષમાં પ્રવેશેલા શેઠશ્રી આવા સત્કાર્યો માટે હજુ ખૂબ લાંબું આયુષ્ય ભોગવે તેમ પ્રાર્થીએ.

# રાણકપુર

હિમાલયથી પણ પુરાણી અરવલ્લીની રમણીય પર્વતમાળાના આશ્રયે વીરતા અને ગૌરવમાં અજોડ એવા મેવાડ રાજ્યની છત્ર-છાયામાં વિ. સં. ૧૪૪૬માં ભારતભરનાં મંદિરોમાં અદ્વિતીય એવા ધરણવિહાર પ્રાસાદનો શિલારોપણવિધિ થયો. હિંદુપત પાદશાહ મહારાણા કુંભાના મંત્રી ધરણાશાહ સ્થાપત્યકલાની આ અજોડ ભેટ ભારતના ચરણે ધરવાને ભાગ્યશાળી થયા.

યજમાનને યોગ્ય આચાર્ય મળે તો જ કાર્ય દીપી ઊઠે છે. નહિતર ઉખર ભૂમિમાં વાવેલ બીજની જેમ પ્રયત્ન નિષ્ફળ જાય છે. શ્રી ધરણાશાહની કલ્પનાને મૂર્તિમંત કરે તેવા, સાદડી પાસેના મુંડારાના રહિશ, સોમપુરા દીપાજી શિલ્પાચાર્ય તરીકે મળી ગયા અને સોનામાં સુગંધ ભળી.

કેટલાંક કાર્યો એવાં મહાન હોય છે કે જેની યોજના માનવ દ્વારા થતી હોવા છતાં એ દેવનિર્મિત હોય અને માનવી તો તેમાં નિમિત્તમાત્ર હોય તેવું લાગે. રાણકપુરના આ ધરણ-વિહાર પ્રાસાદનું સ્થાપત્ય જોવા આવનાર માનવી પશ્ચિમ પ્રવેશ-દ્વારના પગથિયાં ચડી જ્યારે મેઘનાદ મંડપમાં પ્રવેશે ત્યારે આવો જ કાંઈક અહોભાવ તેના હૃદયમાં પ્રગટે છે. અહો, આ શું ? જ્યાં જ્યાં નજર પડે ત્યાં ત્યાં દૈવી ભાવ પ્રગટે તેવું દૃશ્ય ! આ તે કેવી અદ્‌ભુત રચના ! સ્તંભોની, દ્વારોની, મંડપોની અને મંદિરોની આ કેવી અપૂર્વ ગૂંથણી ! શું આ માનવનિર્મિત હશે કે દેવોએ રચ્યું હશે ? દેવોએ ભલે ન રચ્યું હોય, પરંતુ કેટલીક રચનાઓની પ્રેરણા દેવો દ્વારા જ થતી હોય છે, તેવું માનવામાં ભારતના શ્રદ્ધાળુ જનોને મુશ્કેલી પડે તેવું નથી. શિલ્પી દીપાજી અને મંત્રી ધરણશાહ બન્ને દૈવી કૃપાને પાત્ર માનવીઓએ અહંભાવ છોડીને પ્રભુ પ્રીત્યર્થે આ દૈવી રચના કરી છે.

કલાની ઉપાસના અને રચના મુખ્યત્વે સ્વાન્તઃસુખાય હોય છે. પછી તેમાં જો ભક્તિનું તત્ત્વ મળે તો તે સુખ અનેકગણું વધી જાય છે. કલાકારને નિવાહ અર્થે ધનની જરૂર પડે છે, એટલે તેને અમુક અંશે, ધનિકોનો આશ્રય લેવો પડે છે, પરંતુ તેની કિંમત ફક્ત રૂપિયા પૈસામાં આંકનાર ધનિકો તેમના આત્માને હણે છે. કહેવાય છે કે શિલ્પી દીપાજીએ, આવી વિશાળ યોજના પાર ઉતારવાનાં દિલ અને દિમાગ શ્રી ધરણાશાહ ધરાવે છે કેમ તે જાણવા માટે તેમની પરીક્ષા કરવા મંદિરના પાયામાં ઘી રેડાવ્યું હતું. મંત્રી ધરણાશાહ કોઈ અબુધ આદમી નહોતા કે પાયામાં ઘી રેડવું પડતું હશે તેમ માની લે. તેઓ જાણી ગયા કે શિલ્પી મારી પરીક્ષા કરવા માગે છે અને તેઓ પરીક્ષામાં સંપૂર્ણ પાર ઊતર્યા. ઘી રેડતાં તેમના પ્રસન્ન મુખની એક પણ રેખા બદલાઈ નહિ; ત્યારે દીપાજીને સંતોષ થયો અને ધરણાશાહની સ્વપ્નભૂમિનું દેવવિમાન પૃથ્વી પર ઊતર્યું, અને તેનું નામ પડ્યુ નલિનીગુલ્મવિમાન. નલિની એટલે કમળો–પુષ્પોનો સમૂહ અને ગુલ્મ એટલે એકસાથે રહેલો ૯૦ની સંખ્યાનો સમૂહ. શિલ્પશાસ્ત્રમાં શિખરોની રેખાઓને પદ્મકોષ તરીકે સંબોધવામાં આવે છે, અને શિખરની આકૃતિને ખિડાયેલા કમળની સાથે સરખાવી શકાય છે. ૭૬ દેરીઓ, ૪ મેઘનાદ મંડપો, ૧ મેઘમંડપ, તથા અષ્ટાપદ આદિ તીર્થોની રચના માટેના ૪ ભદ્ર-પ્રાસાદો અને ચોકના ૪ ખૂણાના ૪ અને મધ્યનો એક મળી પંચમેરુ રૂપે પ્રકાશતા પાંચ મોટા શિખરબંધ પ્રાસાદોની ગણતરી કરતાં ૯૦ની સંખ્યા થાય છે. નાના મંડપોના ઘૂંમટો કે ઘૂમટી-ઓની સંખ્યા આ ગણતરીમાં લીધી ન હોય તો નલિનીગુલ્મ એવું નામ આપવા પાછળ તેની આ રચના કારણભૂત હોઈ શકે. "નલિનીગુલ્મ એટલે ૯૦ કમળોનો ગુચ્છ."

ધરણાશાહએ બંધાવેલું એટલે ધરણવિહાર અને ત્રણ લોકમાં દીપકની જેમ પ્રકાશી રહેલું એટલે ત્રૈલોક્યદીપક તથા નલિની-

ગુલ્મની રચનાવાળું હોવાથી અને ચારે બાજુએ આવેલા અને ક્રમે ક્રમે ઊંચા ચડતા જતા બલાનક અને મેઘનાદમંડપો તથા વચમાં સહુથી ઊંચું ત્રણ માળ સુધી ચતુર્મુખ તીર્થંકર ભગવાન જેમાં બિરાજેલા છે તેવું શિખર ધરાવતું દેવવિમાન જેવી આકૃતિવાળું હોઇ "નલિનીગુલ્મ વિમાન"—એવા જુદાં જુદાં નામો યુગાદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભદેવજીના આ ચતુર્મુખપ્રાસાદને મળ્યાં.

પ્રજા વીર હતી, મોજશોખ રણરંગના હતા, સાર્થકય પરોપકારમાં હતું, આબરૂ વચનપાલનમાં હતી અને ધ્યેય મોક્ષનું હતું—એ સમયમાં આવાં સ્થાપત્યો રચાતાં હતાં.

વાવો, તળાવો, અને મંદિરોમાં લાખો દ્રમ્મો ખર્ચાયા છે, એ જોઈને આજની સ્વલક્ષી પ્રજા ભલે તેને દુર્વ્યય કહે, પરંતુ આવાં સાર્વજનિક સ્થાપત્યો જે દેશમાં ઠેર ઠેર ઊભાં છે તે દેશમાં ફક્ત પોતાના સુખ માટે બાંધેલા ધનિકોના પુરાણા મહેલો જોવામાં આવતાં નથી. તે બતાવે છે કે ગરીબ, તવંગર બધા જ લોકો કલાનો આનંદ સાથે રહીને માંણી શકે તે માટે, પરાર્થે ધન ખર્ચવામાં અને લોકકલ્યાણ અર્થે જીવન ગાળવામાં તેઓ જીવનનું સાર્થકય અને ધર્મ માનતા, એકબીજાના દુઃખે દુઃખી થતા. ગાય, અબળા અને દુર્બળના રક્ષણ અર્થે નવપરિણીત યુવાનો જીવન હોમી દેતાં સહેજ પણ અચકાતા નહોતા. ત્યારે સમાજવાદના ઢોલ પિટાતા નહોતા પરંતુ બધું સ્વાભાવિક હતું. તે ધર્મ હતો અને ધર્મની કિંમત જીવન કરતાં ઊંચી હતી. છતાં આવાં મોટાં કલાધામો સર્જવાની અને અઢળક ધન ખર્ચવાની ભાવના એકદમ ઉત્પન્ન થઈ જતી નથી. ધનની ચંચળતા, સંસારની અસારતા અને ધર્મની શાશ્વત કલ્યાણકારી શક્તિનો બોધ આપનાર શ્રી સોમસુંદરસૂરીશ્વરજી જેવા સમર્થ આચાર્યશ્રી ધરણાશાને ન મળ્યા હોત તો કદાચ આપણને નલિનીગુલ્મવિમાન જોવાનું સદ્‌ભાગ્ય સાંપડત નહિ. સંસ્કારી અને સુપાત્ર એવા ધરણાશાહને ગુરુરૂપી પારસમણિ મળી ગયો અને તેઓ કંચન બની ગયા. બત્રીસ

વર્ષની ભરયુવાન વયે શત્રુંજય ગિરિરાજ ઉપર જુદાં જુદાં બત્રીસ ગામોના સંઘની વચ્ચે સંઘતિલક કરાવી ભગવાન શ્રી ઋષભદેવજીના સાંનિધ્યે ગુરુ સોમસુંદરસૂરિજીના આશીર્વાદ સાથે બ્રહ્મચર્યવ્રત ધારણ કર્યું. સંસારમાં રહેવા છતાં ભોગોની આસક્તિ છોડી દેવી તે ત્યાગીઓ કરતાં પણ વધારે સંયમ માગી લે છે.

શેઠશ્રી કસ્તુરભાઈની પ્રેરણાથી શેઠ આણંદજી કલ્યાણજીએ તૈયાર કરાવી પ્રસિદ્ધ કરાવેલ ગ્રંથ "જૈન તીર્થ સર્વસંગ્રહ" ભાગ પહેલો, ખંડ બીજાના પાના ૨૧૫ ઉપર મેહ કવિને ટાંકીને લખ્યું છે કે :–

"પંદરમી સદીના અંતમાં રાણકપુર ઘણું આબાદ અને સમૃદ્ધ નગર બની ચૂક્યું હતું. એ સમયે માત્ર જૈનોનાં જ ૩૦૦૦ ઘરો વિદ્યમાન હતાં. ઉપર્યુક્ત મેહકવિએ સં. ૧૪૯૯ ની આસપાસ રચેલા." રાણકપુર ચતુર્મુખ પ્રાસાદ સ્તવન" માં તેઓ જાતમાહિતીનું વર્ણન કરતાં કહે છે કે, રાણપુર જોઈને અત્યંત ઉલ્લાસ અને સંતોષ થાય છે. આ નગર અણહિલપુર પાટણ જેવું છે. તેના ગઢ, મંદિર અને પોળો અત્યંત સુંદર છે. વચ્ચે સરિતાનાં સલિલ વહે છે. કૂવા, વાવ, વાડી, હાટ અને જિનમંદિર ઘણાં છે. તેમાં અઢાર વર્ણના લોકો, લક્ષ્મીવંત વેપારીઓ અને પુણ્યશાળી માનવીઓ વસે છે. તેમાં યશસ્વી દાનવીર ધરણિંદ–ધરણા નામનો સંઘવી મુખ્ય છે. તે જિનમંદિરનો ઉદ્ધારક છે. તેની પુણ્યાત્મા માતા કમલાદે છે, જે રત્નસિંહ અને ધરણિંદ નામનાં નરરત્નોને જન્મ આપી ધન્ય ધન્ય ગવાય છે." શેઠ ધરણાશાહ નાંદિયાના વતની હતા. તેમના પિતાનું નામ શેઠ કુરપાલ હતું.

વિ. સં. ૧૪૪૬ માં જેનું શિલાસ્થાપન થયું તે ધરણવિહાર પ્રાસાદમાં પ્રતિષ્ઠા વિ. સં. ૧૪૯૬માં શ્રી સોમસુંદરસૂરીજીના હાથે થઈ, એટલે પચાસ વર્ષ સુધી તે કામ ચાલ્યું. મંદિરની વિશાળતા અને કારીગરી જોતાં તેમ બનવું સ્વાભાવિક લાગે છે.

૪૮૦૦૦ ચો. ફૂટ વિસ્તારમાં પથરાયેલા અને ૨૪ ફૂટની જગતીની ઊભણી સહિત કળશની ટોચ સુધીમાં ૧૦૦ ફૂટની ઊંચાઈ ધરાવતા આ મંદિરની કલા–કારીગરીની પરાકાષ્ઠા તેના મેઘનાદ મંડપોના સ્તંભો અને ઘુંમટના થરો, તેની પદ્મશિલાઓ તથા વેદિકાઓ અને કક્ષાસનોમાં રહેલી છે. કલાની દૃષ્ટિએ આ વિભાગો સૌથી સારા છે. ઘૂમટોમાં પુષ્પધન્વા–કામદેવનાં બાણોથી પીડાયેલી અપ્સરાઓ વીતરાગ પ્રભુના સાંનિધ્યમાં કામજ્વરથી મુક્ત બનીને નૃત્ય કરી રહી છે. હાથમાં ધનુષ્યબાણ સાથે જોઈ રહેલા કામદેવને પોતાના પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ ધરાવી રહેલી અપ્સરાઓ પ્રતિ કામબાણ મારવાની વૃત્તિ થતી નથી. બાણ તેમના હાથમાં થંભી ગયું છે. ભગવાન વીતરાગ દેવનું સાંનિધ્ય વિષયમાત્ર પર વિજય મેળવવાનું સાધન છે, એવી પ્રતીતિ કરાવવા માટે આ દૃશ્ય યોજાયું હશે કે શું ?

જગત છે ત્યાં સુધી વિષયો છે અને રહેવાના. વિષયોનો નાશ કરી શકાય નહીં, પરંતુ તેના ઉપર વિજય મેળવી શકાય. પશુત્વમાંથી ક્રમે ક્રમે દેવત્વ તરફ પ્રયાણ કરતું મન છેવટે દેવત્વનો મોહ છોડીને વીતરાગ બને ત્યારે શાંતિને–નિર્વાણને પામે. પરંતુ જ્ઞાન વિના એ કેમ શક્ય બને ? શું ગ્રાહ્ય છે અને શું અગ્રાહ્ય છે તેનો નિશ્ચય જેણે જ્ઞાન દ્વારા કરી લીધો છે તેને વિષયો દમી શકતા નથી, પરંતુ વિષયોને તે દમે છે. ઊર્ધ્વગતિ પ્રાપ્ત કરવા ઇચ્છતા પ્રત્યેક સાધક ભક્તને તે માટે પ્રભુની કૃપા યાચીને વિષયો પ્રત્યે ઉપેક્ષા ધારણ કરવાની હોય છે. આ ધરણવિહાર પ્રાસાદના પશ્ચિમ પ્રવેશદ્વારની આગળની પ્રથમ ચોકીની છતમાં, આવું એક કામજ્વરમાપક યંત્ર લગાડવામાં આવ્યું છે. મુનિશ્રી સ્થૂલિભદ્રજી પૂર્વાશ્રમમાં પ્રધાનપુત્ર હતા, સુખિયા જીવ હતા, અને કોશા નામની અપૂર્વ રૂપ–લાવણ્યવતી ગણિકાના ગુણોને આધીન બની ગયા હતા. પરંતુ પૂર્વના પુણ્યનો ઉદય થયો અને આ સુખિયો જીવ આત્મબોધ પામ્યો. વિષયોના કીચડમાંથી નીકળીને આત્મકલ્યાણને માર્ગે વળ્યો અને જગતને કામવિજેતા મુનિ સ્થૂલિભદ્રજી મળ્યા.

કોશા ગણિકા હતી, પરંતુ સ્થૂલિભદ્રના ગુણોની પૂજારણ હતી. તે સ્થૂલિભદ્ર વિના ઝૂરતી હતી. સ્થૂલિભદ્રનું મન વિષયોથી ખરેખર વિરક્ત બન્યું છે કે કેમ તે જોવા માટે ગુરુએ તેમને કોશાને ત્યાં જ ચાતુર્માસ કરવા મોકલ્યા. ગુરુઆજ્ઞા શિરસાવંદ્ય હતી. સ્થૂલિભદ્ર પહોંચ્યા કોશાને ત્યાં. કોશાને તો બત્રીસ કોઠે દીવા થયા! પોતાનો પ્રિયતમ પાછો મળ્યો! પરંતુ અરે! પ્રિયતમની દૃષ્ટિમાંનો રાગ ક્યાં ગયો? તે ખાલી ખાલી કેમ? પરંતુ કોશા હાર માને તેવી નહોતી. સ્થૂલિભદ્રના મનને ફરી વિષયો પ્રત્યે ખેંચી લેવાના તેણે સતત પ્રયત્ન કર્યા અને ભોગાસનોથી ભરપૂર એવી પોતાની ચિત્રશાળામાં મુનિને ઉતાર્યા. સતત વિષયવાસનાને ઉશ્કેરે તેવા ચિત્રસમૂહોની વચ્ચે રહીને મનને નિર્વિકાર રાખવું તે કેટલું અઘરું છે તે કોણ નથી જાણતું? પરંતુ વીતરાગના આશ્રયે રહેલો આ જીવ સમજી ચૂક્યો હતો કે સંકલ્પોમાંથી જેની ઉત્પત્તિ છે, તેવા કામને જીતવો હોય તો સંકલ્પો ઉપર વિજય મેળવવો જોઈએ. અને એ રીતે એક વખતની પ્રેયસીના સેંકડો પ્રયત્નોને વિફળ કરી અંતે તેને પણ વિષયોથી વિરામ કરી મુનિ સ્થૂલિભદ્રજી ગુરુના સાંનિધ્યમાં પાછા ફર્યા. સ્થૂલિભદ્રજી સહિત કોશાની ચિત્રશાળાનાં એ ચિત્રો આ છતમાં કોતરવામાં આવ્યાં છે.

મંદિરમાં ભક્તિ અર્થે જતો ભક્ત ત્યાં જઈને શું મેળવવા માંગે છે તે તેણે વિચારવું જોઈએ. તે વિષયોથી ભરેલું મન સાથે લઈને મંદિરમાં જવા માગે છે કે સ્થૂલિભદ્રની જેમ વિષયોને મનમાં પ્રવેશવાનું સંકલ્પરૂપી દ્વાર બંધ કરી દેવા માંગે છે? ઊર્ધ્વ જીવન જોઈતું હોય તો મુનિ સ્થૂલિભદ્રને અનુસરો એવો ઉપદેશ એ શિલ્પકૃતિઓ દ્વારા આચાર્ય શ્રી સોમસુંદર-સૂરજી, મંત્રી ધરણાશા અને શિલ્પી દીપાજી આપણને આપે છે. વિષયો પ્રત્યે બતાવાતો ઉઘાડો તિરસ્કાર તે પણ વેરભાવે કરાતું તેનું ભજન છે. તેમના પ્રત્યે તો ઉપેક્ષા વૃત્તિ જ શોભે તેવો ઉપદેશ તેમાં રહેલો છે. પશ્ચિમ પ્રવેશદ્વારમાં પ્રવેશીને આગળ

ચાલતાં, નાળી મંડપનાં પગથિયાં ચડી રહીએ ત્યારે, છતમાં એક વિશાળ વેલો નજરે પડે છે. એનું કોતરકામ એટલું બારીક છે કે તેની પ્રતિકૃતિ કરવાનું ખૂબ મુશ્કેલ બની જાય. આને લોકો કલ્પવૃક્ષનું પાંદડું કહે છે. કલાકારની કલ્પનામાંથી ઉદ્ભવેલું એ એક અપૂર્વ સંયોજન છે, એટલે તેને કલ્પવૃક્ષ કહે તો તે યથાર્થ છે. બાકી કલ્પવૃક્ષ તો કોણે જોયું છે? ખરેખર, આ રચના કલાપ્રેમીને મંત્રમુગ્ધ કરે તેવી છે.

આવી જ એક બીજી અદ્ભુત રચના પૂર્વ મેઘનાદમંડપની ચોકીની છતમાં કરેલી છે. તે છે એક મસ્તક અને પાંચ દેહવાળી માનવ આકૃતિ. એક દેહ અને અનેક મસ્તકોવાળી મૂર્તિઓ અને તેનાં વર્ણનો ઘણાં મળે છે. પરંતુ એક માથું અને પાંચ દેહની રચના કેમ કરી હશે? એ શું ફક્ત સાદું કલાસંયોજન જ હશે કે પછી પાંચ મહાભૂત, પાંચ પ્રાણ, પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો વગેરે પંચકો જેને વશવર્તી છે તેવા બ્રહ્મ કે આત્માના પ્રતીકરૂપે આ રચના કરી હશે?

બીજી એક વિશિષ્ટ અજબ રચના દક્ષિણ મેઘનાદમંડપ પાસેની દીવાલને પાર્શ્વનાથ ભગવાનને છત્ર ધરીને ઊભેલા સહસ્ર ફૂણાવાળા ગણાતા નાગ ધરણેન્દ્રની છે. અનેક નાગણીઓ સાથે જેના દેહનાં વલય ગૂંથાઈ ગયા છે તેવા નાગરાજના દેહની ભૌમિતિક ગૂંથણી શિલ્પીની કલ્પનાશીલ બુદ્ધિની સુંદર નીપજ છે, આવી આવી અનેક કલાકૃતિઓ આ મંદિરમાં જોવા મળે છે, સ્તંભો ઉપરના બારીક કોતરકામવાળાં તોરણો, ગર્ભસ્થ ઋષભદેવજીની માતાને આવતાં ચૌદ શુભ સ્વપ્નો, સ્તંભો ઉપરની અપ્સરાઓ અને ગર્ભગૃહની બહારના મંડોવરની જંઘામાં પ્રદક્ષિણાક્રમે ઊભેલા દેવતાઓ કલાપ્રેમીને આકર્ષે છે અને ભક્ત હૃદયમાં આહ્લાદ ઉત્પન્ન કરે છે.

મેઘનાદમંડપોના સ્તંભોના ઠેકાઓમાં ભગવાન ઋષભદેવજીને

હાથ જોડીને ઊભેલી શેઠ ધરણાશાની અને હાથમ ગજ રાખીને ઊભેલી શિલ્પી દીપાજીની મૂર્તિ જાણે હજુ પણ પોતપોતાની ફરજ બજાવવાનું ચાલુ જ રાખી રહી હોય તેવી લાગે છે.

આવા મહાન સ્વર્ગીય સ્થાપત્યના સર્જનહારોના આત્મા તો સ્વર્ગમાં જ હોય, છતાં પૃથ્વી પરના તેમના સર્જેલા આ સ્વર્ગનો મોહ છોડવો તેમને માટે પણ કઠણ પડતો હોય અને તેઓ અવારનવાર સ્વર્ગમાંથી આ ઉદ્ધારક સ્થાનની મુલાકાત પોતાની મૂર્તિઓ દ્વારા લેતા હોય તેમ માનીએ તો એમાં અતિશયતા જેવું શું છે?

પુરાણો તો કહે છે કે, દૈવી સત્ત્વો પર દાનવીય તત્ત્વો વિજય મેળવે ત્યારે સ્વર્ગનું પણ પતન થાય છે. પૃથ્વી પરના આ સ્વર્ગનું પણ એક કાળે એમ જ બન્યું. આ નલિનીગુલ્મવિમાન તથા શ્રી નેમનાથ ભગવાન અને પાર્શ્વનાથ ભગવાનનાં મંદિરો તથા જગતને જીવન બક્ષી રહેલા પ્રકાશના દેવ ભગવાન સૂર્ય-નારાયણના મંદિર સિવાયનું સારુંયે રાણકપુર ગામ ઉજ્જડ બની ગયું છે.

રાજકીય અસ્થિરતા અને અંધાધૂંધીના જમાનામાં સહુ પોતપોતાની સલામતીની ચિંતામાં પડ્યા હોય ત્યાં એકલા-અટૂલા પડી ગયેલાં અને નિર્જન સ્થાનોમાં રહેલા દેવસ્થાનોની સંભાળ લેવાનું કોને સૂઝે? છતાં આવું સ્વર્ગીય સ્થાન તદ્દન વિસ્મૃત તો કેમ જ થાય? તેના સૌંદર્યે તેને તીર્થ બનાવી દીધું. સાદડી ગામના સંઘે તેની સારસંભાળ લેવા માંડી. પરંતુ વ્યવસાયી શ્રેષ્ઠીઓ ધંધામાં એટલા ગળાબૂડ બન્યા હતા કે મંદિર દિવસે દિવસે દુરવસ્થાને પ્રાપ્ત કરતું ગયું.

સમય પલટાયો, શ્રેષ્ઠીઓમાં કળિયુગ પેઠો, અને ધર્મનું સ્થાન અંગત મહત્ત્વાકાંક્ષાઓએ લીધું. ધર્મમાં વાડા પડ્યા. તેમાં પેટા પડ્યાં અને સમાજ ખંડ ખંડ થઈ ગયો. સમાજમાં પડેલા

આ તડાઓએ અંગત મહત્ત્વ અને માનાપમાનની આગળ ધર્મની સેવાઓને ગૌણ ગણી, અને મંદિરની દુરવસ્થા વધતી ચાલી. દુંદુભિઓ અને મંત્રોચ્ચારોથી ગુંજતું આ સ્થાન ચામાચીડિયાં અને કબૂતરોનું નિવાસસ્થાન બન્યું! જ્યાં ધૂપ, કેસર અને પુષ્પોની સુગંધ આજુબાજુના વાતાવરણને ભરી દેતી હતી, ત્યાં ચામાચીડિયાં અને કબૂતરોની હગારની દુર્ગંધ ફેલાવા લાગી. નકશીદાર સ્તંભો, દ્વારો અને પાટડાઓ એટલા મેલા થઈ ગયા કે તે સફેદ આરસના છે, તેમ માનવું મુશ્કેલ પડવા લાગ્યું.

સેંકડો કલાત્મક પથ્થરોના સાંધાઓમાં મજબૂતી માટે જડેલા લોખંડના ખૂંટાઓનું આયુષ્ય પૂરું થયું હતું. દેહમાંથી બહાર નીકળવા ઇચ્છતા યોગીના પ્રાણ જેમ બ્રહ્મરંધ્રને તોડી નાખે છે તેમ કાટથી ફૂલેલા આ ખૂંટાઓએ મંદિરના પથ્થરોના તાળવાં તોડી બહાર નીકળવા માંડયું, અને ઠેર ઠેર ગાબડાં પડયાં. ઘુંમટો અને છતોનાં ધાબાંઓમાંથી અનેક જગ્યાએ પાણી પડવા લાગ્યું. જમીન ઉપરની લાદી ઊખડીને ઊંચી-નીચી થઈ ગઈ. કોઈ કોઈ સ્તંભો અને પાટડાઓમાં ચિરાડો પડી અને નલિનીગુલ્મવિમાનનો આધાર ખળભળવા લાગ્યો. નવ્વાણુ લખપતિઓ ધરાવતો સાદડીનો સંઘ હવે જાગ્યો હતો. પરંતુ એને માર્ગ સૂઝતો ન હોતો. કામ શક્તિ બહારનું લાગવા માંડયું હતું; ધનથી તો કદાચ પહોંચી શકાય પરંતુ આવા મહાન કાર્ય માટે જાઈતી સૂઝ કયાંથી લાવવી? બહુ વિચારને અંતે જાણે મંદિરના અધિષ્ઠાયક શાસન દેવતાએ માર્ગ સુઝાડ્યો હોય તેવો પ્રકાશ પંચોના હૃદયમાં પડ્યો. અને ક્ષેત્રિય સંકુચિતતા છોડીને ભારતના સમસ્ત શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘની પ્રતિનિધિ એવી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફ તેમણે દૃષ્ટિ દોડાવી. પછી તો સાદડી સંઘ અને શેઠ કલ્યાણજી આણંદજીની પેઢી વચ્ચે વાટાઘાટો ચાલી. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી માટે પણ આ કાંઈ નાનુંસૂનું કામ ન હોતું, પરંતુ તેની પાસે સમર્થ નેતૃત્વ

હતું : ગમે તે કાર્ય પ્રત્યે મૂલગામી પક્કડ ધરાવતી દૃષ્ટિવાળા પ્રમુખ શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈની સબળ રાહબરી તેને સાંપડેલી હતી. ધરણાશાની ધગશનો શેઠ કસ્તુરભાઈમાં આવિર્ભાવ થયો અને શેઠ આણંદજી કલ્યાણજીએ રાણકપુરનાં મંદિરોનો વહીવટ સંભાળી લીધો, પરંતુ કાર્ય ભગીરથ હતું. ધનની નહિ પણ મનની દૃષ્ટિએ શું કરવું અને કેમ કરવું? આ મહાન મંદિરની દુરવસ્થા દૂર કરી તેનો કાયાકલ્પ કરે તેવા વૈદ્યો ક્યાં શોધવા? પરંતુ શેઠશ્રી કસ્તુરભાઈના મનમાં તેનો એક આખો નકશો હતો.

મહાન પ્રભાવક શાસનસમ્રાટ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજીની સલાહ અને આજ્ઞા લઈને આ ધર્મકાર્યની શરૂઆત તેમણે કરી; એ સમયના ઉત્તમ શક્તિ ધરાવતા શિલ્પીઓની સલાહ લેવા માંડી, અને આધુનિક સ્થાપત્યવિજ્ઞાનના ઉત્તમ જાણકારની બુધ્ધિનો લાભ લેવાનું નહિ ચૂકવાનું પણ નક્કી કરવામાં આવ્યું. અને તે મુજબ શિલ્પી ભાઈશંકર ગૌરીશંકર, પ્રભાશંકર ઓઘડભાઈ, જગન્નાથ અંબારામ અને દલછારામ ખુશાલદાસ એમ ચાર શિલ્પીઓના જૂથને જીર્ણોદ્ધારનો અહેવાલ આપવાનું સોંપાયું. બીજી બાજુ આધુનિક સ્થાપત્યવિજ્ઞાનના નિષ્ણાત ગ્રેગસન બેટલી એન્ડ કીંગને પણ તે કામ સોંપવામાં આવ્યું. અને વિક્રમ સંવત ૧૯૮૯ માં શ્રી બેટલી અને શિલ્પીઓના અહેવાલો મળી ગયા. ઉપરોક્ત ચાર શિલ્પીઓ પૈકીના ધ્રાંગધ્રાના વતની શ્રી. દલછારામ ખુશાલદાસને આ ભગીરથ કાર્યની જવાબદારી સોંપવામાં આવી. જે ખાણોના પથ્થરથી મંદિર બંધાવ્યું હતું, તે સોનારાની ખાણોના પથ્થરો આવવા લાગ્યા અને બસો કારીગરોનાં ટાંકણાંઓની સારીગમ ગૂંજવા લાગી. અનેક મારવાડી સોમપુરા કલાકારો પણ તેમના પૂર્વજોએ રચેલા આ અપૂર્વ સ્થાપત્યના ઉદ્ધારમાં લાગી ગયા. આજુબાજુનાં ગામડાંઓના સેંકડો મજૂરો ઊતરી પડ્યા અને જંગલમાં મંગલ બની રહ્યું. મનુષ્યો હોય ત્યાં કૂતરાંઓ પણ આવે જ. આ કૂતરાની લાલચે વાઘ અને દીપડા

કોટ ઠેકીને ધર્મશાળાના ચોકમાં પડવા લાગ્યા. શરૂ શરૂમાં ભયભીત બનતા માનવીઓ ધીમે ધીમે જંગલી જનાવરોથી ટેવાઈ ગયા અને કામ ધમધોકાર ચાલવા લાગ્યું.

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી સાદડીમાં અને શિલ્પીનો પડાવ રાણકપુરમાં રાખવામાં આવ્યો. શિલ્પી દલછારામ કાર્યકુશળ, વહેવારુ બુદ્ધિવાળા પ્રવીણ પુરુષ હતા, અને પોતાના કાર્ય માટે સ્વતંત્ર બુદ્ધિ ધરાવતા હતા. શરૂ શરૂમાં સાદડી પેઢીના મુનીમો તેમની સાથે કદમ મિલાવી શકયા નહીં, પરંતુ શેઠશ્રી કસ્તૂરભાઈએ શ્રી દલછારામની શક્તિ પિછાની લીધી હતી. એટલે શિલ્પની અને કામની સરળતાની ખાતર શેઠ આણંદજી કલ્યાણજીએ એક પછી એક એમ બે મુનીમો બદલ્યા. છેવટે બોટાદના શ્રી હરગોવિંદદાસ મુનીમ તરીકે આવ્યા. તેમણે શિલ્પીના મિજાજને, કામના રંગને અને સાદડીના સંઘને પણ પારખી લીધા. સહુની સાથે સ્નેહભીનું વર્તન રાખી સૌરાષ્ટ્રીય મીઠાશનો પરિચય આપી કુનેહથી કામ લીધું. શેઠશ્રી કસ્તૂરભાઈના આ ભગીરથ કાર્યમાં મુનીમ અને શિલ્પી બન્ને તેમના ડાબા-જમણા હાથ બની રહ્યા.

જીર્ણોદ્ધારના કામની ઝડપ વધારવામાં આવી. મથુરા, આગ્રા, જયપુર, અલવર અને મારવાડનાં નાનાં-મોટાં ગામોના તથા ગુજરાત અને સૌરાષ્ટ્રના કારીગરોના સમૂહો જુદા જુદા મિસ્ત્રીઓના હાથ નીચે મૂકવામાં આવ્યા અને કામ વહેંચી આપવામાં આવ્યું.

ઘુંમટોની પદ્મશિલાઓના ઝુમ્મરો કાનુડા નામથી ઓળખાતી કાળી ચકલીઓએ પીછાં ચોડીને કરેલા માળાઓથી છવાઈ ગયા હતાં. ઉત્તર મેઘનાદમંડપના ત્રણ માળ જેટલા ઊંચા ઘુંમટની પદ્મશિલાને સાફ કરતી વખતે ઘુંમટના છેલ્લા થર અને પદ્મશિલાની વચ્ચેની ઘસીમાં પક્ષીઓએ બાંધેલા મુસીબતે ઉખાડી શકાય તેવા સખત માળાઓ ઉપર તેમનો જ શિકાર કરવા માટે સુખેથી નિવાસ કરી રહેલા સાત ફૂટ લાંબા સોનેરી પટ્ટાઓવાળા સાપે તે માળા

ઉખેડીને સાફ કરવા સામે સખ્ત વિરોધ કર્યો હતો. તે ગમે તેટલો વિરોધ કરે તોપણ પક્ષીઓએ કાયદા વિરુદ્ધ વગર પરવાનગીએ બાંધેલાં ઝૂંપડાંઓ તોડાવી નાંખી પદ્મશિલા સાફ કરાવવાની શ્રી દલછારામભાઈની મ્યુનિસિપાલિટી–મંદિર પાલિકા–ની ફરજ હતી. એટલે ત્રણ માળ ઊંચા પાલખ ઉપર ઊભા રહીને માળાઓની પાછળ સંતાકુકડી રમતા તે સાપને જેટલી મુસીબતે પોલીસો બહારવટિયાને પકડે તેટલી મુસીબતે પકડીને જંગલમાં મૂકી આવવો પડયો હતો. ત્યાર પછી જ કાનુડાનાં ઝૂંપડાં ઉખાડી શકાયાં હતાં. ત્રણ માળ ઊંચા ઘુંમટમાં તે કેમ ચડયો હશે તે આશ્ચર્યચકિત કરે તેવું છે.

ઉત્તર બલાનકનો શંખ-વલયાકૃતિ ઘુંમટ પહેલી નજરે જોનારના ખ્યાલમાં આવે નહિ, પરંતુ ધ્યાનથી જૂએ તો તેની ખૂબી તરત સમજાય તેવી છે. પથ્થરોની ગોળાઈને ચઢતા ક્રમથી ગોઠવીને એક સળંગ ગોળ રેખા ઉપજાવવી તે બુદ્ધિચાતુર્ય માગી લે છે. સ્ક્રુના આંટાની જેમ આ ઘુંમટના થરો ગોઠવાયેલા છે. આવી બધી ખૂબીઓ જીર્ણોદ્ધાર વખતે બહાર આવી અને સ્પષ્ટ સ્વરૂપ ધારણ કરી રહી.

મેઘનાદ મંડપોના ત્રણ માળ ઊંચા સ્તંભો ઉપરના તૂટેલા પાટડાઓ ત્યાંથી કાઢી નાખી તેના જેવા જ બીજા નવા પાટડાઓ બેસાડવા અને ઉપરનો બધો બોજો એમ ને એમ જ રહેવા દેવો તે કામ શિલ્પીની બુદ્ધિની કસોટી કરે તેવું હતું. પરંતુ શેઠશ્રી કસ્તૂરભાઈ તરફથી પૂરતું, પ્રોત્સાહન પામી ચૂકેલા શિલ્પી દલછારામે આવું બધું કામ સહજ રીતે પાર ઉતાર્યું.

કોઈ સ્વરૂપવાન પુરુષને દુરવસ્થામાં આવી પડયા પછી મહિનાઓ સુધી સ્નાન કરવાનો સમય મળે નહીં, ગંદા થઈ ફાટી ગયેલાં કપડાં શરીર પર ચીટકી ગયાં હોય, ગુમડાં નીકળ્યાં હોય અને શરીર દુર્ગંધ મારતું હોય, તથા દાઢી અને માથાના વાળ

વધી ગયા હોય ત્યારે તેની સુંદરતાના હાલ કેવા દેખાય તેવા જ હાલ આ અદ્ભુત દેવવિમાન જેવા ત્રૈલોક્યદીપકપ્રાસાદના જીર્ણોદ્ધાર પૂર્વે હતા, તેવી કલ્પના કરીએ તો તે કાંઈક યોગ્ય સરખામણી ગણાશે.

હાલ જો એક કારીગરનું એક દિવસનું વેતન ૧૦) રૂપીઆ અપાતું હોય તો આ જીર્ણોદ્ધાર વખતે તે રૂ. ૧–૫૦ અપાતું હતું, તેવા સમયમાં આ મંદિરના જીર્ણોદ્ધારમાં શેઠ આણંદજી કલ્યાણજીએ રૂ. ૪,૭૦૦૦૦ ખર્ચ્યા છે. તે ઉપરથી કામના પરિમાણનો ખ્યાલ આવે તેમ છે. આ તો બધી મંદિરના જીર્ણોદ્ધારની ઝીણવટભરી સૂક્ષ્મ વાતો થઈ, પરંતુ શેઠશ્રી કસ્તુરભાઈની વિશાળ દૃષ્ટિ ફક્ત આટલી સુધારણાથી સંતોષ માને તેમ નહોતી. તેમને શ્રી ધરણાશાની આ અમૂલ્ય ભેટની કલાનું રસાસ્વાદન કરવા સમસ્ત ભારત અને સમસ્ત વિશ્વના સૌંદર્યપ્રેમીઓ અહીં આવી દેવાર્પણ કરાયેલી કલા દ્વારા, માનસિક શાન્તિ અને આનંદ પ્રાપ્ત કરે, તેમ કરવું હતું, અને તે માટે મંદિરની બહાર પણ દૃષ્ટિ દોડાવ્યા વિના ચાલે તેવું ન હોતું.

મંદિરની દીવાલોને લાગીને નાની નાની ઓરડીઓવાળી ધર્મશાળા બનાવવામાં આવેલી હતી. તેનો મંદિરની સાથે લાગેલો ભાગ શક્ય તેટલો મંદિરથી દૂર હઠાવવાનો નિર્ણય લેવામાં આવ્યો. મંદિરની આજુબાજુ આવેલી સમસ્ત જમીનને ફરતો કોટ બનાવવામાં આવ્યો અને તે જમીનમાં પ્લોટો પાડી સુંદર વિશાળ પચાસ અને સાઠ ફીટ પહોળા રસ્તાઓ ફૂટપાથની કિનારીઓ બાંધીને બનાવવામાં આવ્યા. રસ્તાઓ ઉપર વૃક્ષો વવરાવવામાં આવ્યાં. નવી અદ્યતન ઢબની બે ધર્મશાળાઓ બનાવવામાં આવી. અને છેલ્લી ઢબનાં દરેક સાધનો ત્યાં વસાવવામાં આવ્યાં. યાત્રીઓને ભોજન બનાવવાની કડાકુટમાંથી ઉગારી લેવા માટે સુંદર ભોજનશાળાનું નિર્માણ કરવામાં આવ્યું. હજુ પણ સમયની માંગ

પ્રમાણેની ધર્મશાળાઓના નિર્માણનું કામ ચાલી રહ્યું છે. વીસ વર્ષ પહેલાં આવેલો યાત્રી અત્યારે ફરી આવે તો રાણકપુર તેને નંદનવન જેવું લાગે. અમદાવાદ-દિલ્લી મેઈન રેલવે લાઈન ઉપરના ફાલના સ્ટેશનથી સાદડી ૧૬ માઈલ અને સાદડીથી રાણકપુર ૬ માઈલ દૂર આવેલું છે. બસ અને ટેક્ષીની પૂરતી સગવડ મળે છે. કોઈ પણ કલાપ્રેમી એક કલાકમાં રાણકપુર જઈને પોતાનો મૂડ સુધારી શકે છે, પોતાના ચિત્તને આનંદિત કરી શકે છે. સુંદર મૂર્તિકામવાળો મંડોવર ધરાવતા શ્રી પાર્શ્વનાથ ભગવાન અને નેમિનાથ ભગવાનનાં જીર્ણોદ્ધાર થઈને ખીલી ઊઠેલાં નાનાં મંદિરો આ કમ્પાઉન્ડમાં યથાસ્થાને એવી રીતે રહેલાં છે કે તે આ પ્રદેશની શોભાને દ્વિગુણિત કરે છે.


વિ. સં. ૨૦૦૯ના ફાગણ સુદિ ૫ને બુધવારના રોજ આ મંદિરની બધી જ પ્રતિમાજીઓની પ્રતિષ્ઠા પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયોદયસૂરીશ્વરજી તથા શ્રી વિજયનંદનસૂરીશ્વરજીના હસ્તક કરાવવામાં આવી. જીર્ણોદ્ધાર વખતે તીર્થંકર ભગવાનની પ્રતિમાઓની સલામતી માટે કેટલીક પ્રતિમાઓને ઉત્થાપન કરવાની જરૂર પડી હતી. કેટલીક દૃષ્ટિ વગેરેના શિલ્પશાસ્ત્રીય નિયમોની ચોકસાઈ માટે ફેરવવી પડી હતી. મુખ્ય મંદિરના ચતુર્મુખ ગર્ભગૃહના ચારે બાજુના મૂળનાયક ભગવાનની ગાદીઓ, પરિકરો અને છત્રી જીર્ણ થઈ ગયાં હતાં તે સમરાવવા માટે તેમને પણ ઉત્થાપન કરી લેવામાં આવ્યા હતા. એટલે મહાન ઉત્સવ સાથે સેંકડો પ્રતિમાઓ અને દંડ-કળશની સ્થાપના શુભ લગ્ન ઘડી સાધીને કરવામાં આવી.

પ્રતિષ્ઠા વખતનો મારવાડના જૈન ગૃહસ્થોનો ઉમંગ હૃદયમાં સમાતો નહોતો. હજારો માણસો જમીન ઉપર કંતાન અને જે આછું-પાતળું પાથરવાનું મળ્યું તે પાથરીને સૂતા હતા. ક્યાંય કચવાટ નહોતો, ક્યાંય પોતાની સુખ-સમૃદ્ધિ માટે બબડાટ


નહોતો કે ધાંધલ નહોતું. વીતરાગ તીર્થંકર દેવના ચરણોનાં દર્શન અને ફરી થયેલ પ્રતિષ્ઠાના ઉત્સવનો ઉમંગ બધી તકલીફોને ભુલાવી દેતો હતો. આ બધું જોઈને પેઢીના ટ્રસ્ટીઓ અને શેઠ શ્રી કસ્તુરભાઈને જીર્ણોદ્ધાર પાછળ લીધેલો શ્રમ સાર્થક થતો લાગ્યો, સૌને જીવન ધન્ય થતું અનુભવ્યું અને વધુ ગુણગ્રાહી અને વધુ નમ્ર બનીને આવાં કાર્યો માટે બળ આપવાનું પ્રભુને પ્રાર્થી રહ્યા. આવા વિવેકશીલ મહાનુભાવના અમૃત મહોત્સવ વખતે આપણે પણ તેઓશ્રીને અનુસરીએ.

---

પ્રકાશક : શેઠ કસ્તુરભાઈ લાલભાઈ, અમૃત મહોત્સવ સમિતિ વતી શ્રી કેશવલાલ લલ્લુભાઈ ઝવેરી, રતનપોળ અમદાવાદ.
મુદ્રક : અમૃતલાલ મણિશંકર ત્રિવેદી, શ્રી ઇશ્વર પ્રિન્ટીંગ પ્રેસ, ઇદગા ગેટ, પઠાણની ચાલ, અસારવા–અમદાવાદ–૧૬.



દેલવાડા



શત્રુંજય તિર્થ